Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ શાન્તિ-સ્તવન. ... ... ( બાબુલાલ શાહ નડોદકર. ) ... ૨૭૧
૨ સત્યજ્ઞાનનું રહસ્ય. ... ... ... ( અનુવાદ ) ... ૨૭૨
૩ શ્રવણ અને સંસ્મરણ. ... ( શ્રી સુશીલ ) .. ૨૭૫
૪ સુભાષિત પદ સંગ્રહ. ... ( સ. ક. વિ. ) ... ... ૨૭૮
૫ શ્રી આત્મારામજી મહારાજની કેટલીક વિશિષ્ટતાઓ. ( રાજપાળ વ્હોરા ) ૨૭૯
૬ મારવાડ યાત્રા. ... ... ( મુનિ૦ શ્રી ન્યાયવિજયજી ) ૨૮૨
૭ પાંચ સકાર. ... ... ( વિઠ્ઠલદાસ મૂ. શાહ ) ... ૨૮૭
૮ સભાએ ઉજવેલ ચાલીશમો વાર્ષિક મહોત્સવ અને ગુરૂરાજ જયંતી. ૨૯૩
૯ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ૨૯૪


## શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝ. છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશે પર્વો ) પ્રત તથા બુકાકારે. ( નિર્ણયસાગર પ્રેસમાં )

૨ ધાતુપારાયણ.

૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત ) પ્રાકૃત વ્યાકરણ ઢુણ્ઢિકાવૃતિ.

શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( પ્રથમપર્વ ) તૈયાર થઇ ગયું છે. ( બુકાકારે તથા પ્રતાકારે ) બાઇંડીંગ થાય છે, આવતા માસમાં પ્રગટ થશે.

## શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે. )

### ( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત. )

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળ વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરનાર મહાન તપ છે. તેનુ આરાધન કરનાર બ્હેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો બ્લોક કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે. આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃ-કાળમાં દર્શન કરવા લાયક ચીજ છે.

ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

नमो विशुद्धधर्माय, स्वरूपपरिपूर्तये ।
नमो विकारविस्तार-गोचरातीतमूर्तये ॥ १ ॥

" સંપૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ વિશુદ્ધ ધર્મવાળા, સ્વસ્વરૂપની પૂર્ણતાને પામેલા અને વિકારોના સમૂહનો પાર પામેલા-એવા જે કોઈ મહાત્મા હોય તેને નમસ્કાર હો. "

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३३ } वीर सं. २४६२. जेठ, आत्म सं. ४०. { अंक ११ मो.

## શાન્તિ-સ્તવન.

[ ચાલ: રાધે કૃષ્ણ બોલ મુખસે ....... ]

શાન્તિ શાન્તિ બોલ, મુખસે—
શાન્તિ શાન્તિ બોલ, તેરા કર્મ-બંધ તોડ. શાન્તિ૦

તેરા કામ ક્રોધ સહુ હરના,
નિશદિન શાન્તિ શાન્તિ જપના;
બાબુ હૃદય તેરા ખોલ, તેરા કર્મ-બંધ તોડ. શાન્તિ૦

બાબુલાલ પાનાચંદ શાહ-નડોદકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

## ( જૈન દૃષ્ટિએ )

ગતાંક પૃષ્ઠ ૧૯૫ થી શરૂ.

સૃષ્ટિનાં રહસ્યનું સમાધાન માયાવાદ કે કોઇ બીજા તત્ત્વજ્ઞાનથી શકય નથી. ચેતન અને અચેતન એ સર્વથા ભિન્ન પ્રકારનાં બે પ્રધાન દ્રવ્યોના પ્રારંભિક સ્વીકારથી જ સૃષ્ટિનાં રહસ્યનું સમાધાન થઇ શકે છે. જડવાદીઓ સૃષ્ટિનાં રહસ્યને અંગે માત્ર ભૌતિક દ્રવ્યનો જ સ્વીકાર કરે છે. ભૌતિક દ્રવ્યોમાંથી ઇચ્છા આદિની સંભાવના શકય ન હોવાથી એકલા ભૌતિક દ્રવ્યના સ્વીકાર માત્રથી વિશ્વનાં રહસ્ય સંબંધી સમાધાન અશકય થઈ પડે છે. સર ઓલીવર લૉજે આથી યથાર્થ જ કહ્યું છે કે:–

" જડવાદીઓ જેને ભૌતિક દ્રવ્યરૂપ ગણે છે તે વસ્તુતઃ ચેતનાનું એક સ્વરૂપ છે. વિચારયુક્ત ચિત્તથી ચેતનાયુક્ત દશાનું અસ્તિત્વ ભિન્ન ન હોઈ શકે. જડવાદ અને અધ્યાત્મવાદ એ બન્નેમાં અધ્યાત્મવાદ મને ઇષ્ટ લાગે છે. "

---

# શ્રી નેમી–સ્તવન

[ ચાલ: દુનિયાને ઊંધા ચશમા ... ]

નેમી જિણંદ તારી, મુરતિ મધુરી લાગે.
અદ્ભુત બિંબ તા'રૂં,
જીવન ઉજાલે મા'રૂં,
જિનજી નિહાળી આજે, મુરતિ મધુરી લાગે. નેમી૦

પાછા તોરણેથી સીધાવી,
શીવરમણી કરી જ પ્યારી,
અજબ જિનજી નિહાળી, મુરતી મધુરી લાગે. નેમી૦

અર્જ સુણોને મારી,
શિવરમણી આપો જ પ્યારી,
એજ અરજ બાબુ, મુરતિ મધુરી લાગે. નેમી૦

બાબુલાલ પાનાચંદ–શાહ, નડોદકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશ્વને સ્વપ્નરૂપ માનવાથી અસ્તિત્વયુક્ત વસ્તુઓ ઉપર કશીયે અસર નથી થતી. વિશ્વમાં કોનું કોનું અસ્તિત્વ છે એ સંબંધમાં આપણા જે વિચારો હોય તે જ વિચારો ઉપર માયાવાદ અને અમાયાવાદ વચ્ચેનો વિભેદ નિર્ભર રહે છે.

ભૌતિક વિશ્વની સત્યતાનો ઇનકાર કર્યાથી, ભૌતિક વિશ્વનો સંપૂર્ણ અભાવ એવો અર્થ નિષ્પન્ન થતો નથી. ભાતિક વિશ્વની સત્યતાના અસ્વીકાર માત્રથી વિશ્વ સ્વપ્નરૂપ નથી બની જતું. વસ્તુઓનાં પરિવર્ત્તનીય સ્વરૂપને કારણે વસ્તુઓની ક્ષણિકતા ચિત્તને ભાસે છે, આથી વિશ્વ કેટલાકને સ્વપ્નરૂપ લાગે છે. ચિરસ્થાયિતા એ જ સત્ય વસ્તુ કે સત્યતાની કસોટીરૂપ છે. આથી જ હર્બર્ટ સ્પેન્સરે કહ્યું છે કેઃ—

“ ચેતનાની સ્થિરતા એ સત્ય વસ્તુ છે. સ્થિરતાને કારણે સત્ય વસ્તુની બરોબર કસોટી થઈ શકે છે. સ્થિરતા એ જ સત્ય વસ્તુની કસોટીરૂપ છે. સત્ય વસ્તુ સ્થિરતાને કારણે અસત્ય વસ્તુથી વિભિન્ન બને છે. સત્ય વસ્તુ એ કંઇ વિષયાશ્રિત સત્ય નથી. સત્ય વસ્તુમાં અનિશ્ચિત સત્યની સંભાવના પણ ન હોઇ શકે. સત્ય વસ્તુ સદાયે સ્વરૂપ આદિ દ્રષ્ટિએ ચિરસ્થાયી રહે છે. સત્ય વસ્તુના સંબંધમાં તેની ચિરસ્થાયિતા વિના બીજો કશોયે ભાવ આપણને નથી આવી શકતો. સ્થિરતા એ સત્ય વસ્તુની અંતિમ પરીક્ષા છે એમ આ ઉપરથી પણ નિષ્પન્ન થાય છે. સત્ય વસ્તુનું અસ્તિત્વ અજ્ઞાન સ્વરૂપમાં હોય કે જ્ઞાન સ્વરૂપમાં હોય પણ ચિરસ્થાયિતાથી એની ખરી કસોટી થઇ શકે છે. ”

ઇંદ્રિયોથી દ્રશ્યમાન થતી વસ્તુઓ વિગેરે પરિવર્ત્તનશીલ અને અશાશ્વત છે. ઇંદ્રિયોથી જ્ઞેય ભાવો અને વસ્તુઓનું સત્ય પરસ્પર આશ્રિત છે એમ દ્રવ્યની સંપૂર્ણ સ્થિરતાની તુલનાની દ્રષ્ટિએ કહી શકાય. આથી મનોભાવો વિગેરે ભ્રમોત્પાદક ( માયાવી ) છે એમ ( અલંકારિક દ્રષ્ટિએ ) કહેવું એ સર્વથા યુક્ત છે.

માયાવાદીઓ ભાવપ્રધાન વસ્તુઓને પ્રાધાન્ય આપે છે અને દ્રશ્ય સત્ય વસ્તુઓનો ઇનકાર કરે છે એ સાવ ભૂલભર્યું છે. વિશ્વમાં દ્રશ્યમાન થતી વસ્તુઓ જે વસ્તુઓનું નિરીક્ષણ કરતી ચેતનાની દ્રષ્ટિએ ભાવોરૂપ છે તે એકમેકથી વિભિન્ન હોવાથી તેમની રચના કોઇ ને કોઇ દ્રવ્યમાંથી થઇ હોવી જોઇએ એમ નિષ્પન્ન થાય છે. ભાવોના સંબંધમાં પણ આ જ મંતવ્ય ફલિત થઇ શકે છે. અને શૂન્યમાંથી શૂન્યની જ ઉત્પત્તિ ન સંભવી શકે. આથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુ આદિની રચનામાં કારણભૂત દ્રવ્ય શાશ્વત હોવું જોઇએ. સંપૂર્ણ સ્થિરતા એ ભૌતિક દ્રવ્ય જેમાંથી વસ્તુઓ બને છે તેનું એક વિશિષ્ટ સ્વરૂપ છે એમ આ રીતે ફલિત થાય છે. સંપૂર્ણ સ્થિરતા એ વસ્તુના પર્યાયોનું વિશિષ્ટ સ્વરૂપ નથી. કુદરતનાં પ્રવર્ત્તમાન બળોને કારણે વસ્તુમાં જે પર્યાયો થયા કરે છે તે પર્યાયોને સંપૂર્ણ સ્થિરતા એટલે ચિરસ્થાયિતારૂપ વિશિષ્ટ સ્વરૂપ ન હોઇ શકે.

માયાવાદ વિશ્વને ભ્રમરૂપ ગણે છે છતાંયે તેના અસ્તિત્વનો સ્વીકાર કરે છે–વિશ્વનું અનસ્તિત્વ જ છે એમ માયાવાદ નથી કહેતો. આથી ભૌતિક વિશ્વના સંબંધમાં બીનમાયાવાદીઓનું જે મંતવ્ય છે તે જ મંતવ્ય માયાવાદીઓનું પણ છે એમ કહી શકાય. વિશ્વને ભાવરૂપ ગણીએ કે વસ્તુઓરૂપ ગણીએ એ સર્વ સરખું છે. અન્વીક્ષણનો તાત્કાલિક આશ્રય ભાવ હોવાથી, વિશ્વ ભાવરૂપ પણ ગણી શકાય અને વસ્તુઓ રૂપ પણ ગણી શકાય, ચિત્તના વિવિધ ભાવો બાહ્ય ઉત્તેજનાને લીધે જાગૃત થાય છે. આથી ચેતનારૂપ દ્રષ્ટા ઉપરાંત અન્ય કોઇ વિશ્વનું અસ્તિત્વ પણ છે એમ ફલિત થાય છે. ભાવો એટલે દ્રશ્યમાન જગત એવો અર્થ લઇએ તો ભિન્ન ભિન્ન ભાવોમાં તેમનાં તત્ત્વની દ્રષ્ટિએ વિભેદ હોય એમ જરૂર સ્વીકારવું પડે. ભાવોની પરિણતિ કોઇ દ્રવ્યથી થાય છે એમ કહેવાની આ એક રીત છે. ભાવોની પરિણતીનું કારણભૂત દ્રવ્ય તે ભૌતિક દ્રવ્ય. ભૌતિક વિશ્વના નિઃસારણ વિષયક માયાવાદીઓની માન્યતા સર્વથા અસત્ય છે. એ માન્યતામાં સત્ય કોઇ કાળે સંભવિત નથી એ નિઃશંક છે. વિશ્વનું અસ્તિત્વ તેનાં નિરીક્ષણથી સ્વયમેવ સિદ્ધ થાય છે.

વસ્તુઓનાં નિરૂપણમાં અસત્ય અને અયોગ્ય શબ્દોનો પ્રયોગ કરીને માયાવાદીઓ જે તે પ્રશ્નનું સમાધાન નથી કરી શકતા. માયાવાદીઓ અસત્ય અને અયોગ્ય શબ્દોના પ્રયોગથી પોતાની પરિસ્થિતિ અત્યંત વિકટ બનાવે છે. 'માયા', 'ભ્રમ' વિગેરે શબ્દો એવા છે જેથી વૈજ્ઞાનિક વિચારણાના મહાન્ પ્રદેશમાં વિદ્યમાન તથા અગાધ જ્ઞાનથી માયાવાદી સર્વથા વિમુખ રહે છે. સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ યથાર્થ રીતે ન સમજાયાથી સત્યની પ્રાપ્તિ અશક્ય બને છે. આત્માનું જ્ઞાન એ સર્વોચ્ચ શ્રેયનું આદિ કારણ છે એ સર્વથા સત્ય છે. આત્માના અસ્તિત્વનો જ અસ્વીકાર કરનાર જડવાદીઓથી સર્વોચ્ચ શ્રેયની સંસિદ્ધિ કદાપિ શક્ય નથી. આ શંકાદોષ અને અજ્ઞાનથી અસત્ય પરિણમે છે. સત્ય જ્ઞાન આશંકા આદિથી વિમુક્ત જ હોય. અસત્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રમણ અને સંસ્મરણ

( શ્રી. સુશીલ )

જૈન સંઘની અહિંસા અને ત્યાગ–વિરાગની ભાવના સામાન્ય જનસમૂહમાં ખૂબ જાણીતી છે, પરંતુ જૈનોની એક સ્વતંત્ર સંસ્કૃતિ હતી અને એ સંસ્કૃતિએ મૌલિક સાહિત્યનો જન્મ આપ્યો હતો અને એ જ સંસ્કૃતિનું દુગ્ધપાન કરી શિલ્પે પોતાનું સૌંદર્ય વિસ્તાર્યું હતું એવી એવી ઘણી બાબતો હજી અંધારામાં રહી જવા પામી છે. જૈન સંઘને વિવિધ રાજકીય તેમજ આર્થિક કષ્ટોને લીધે ઘણીવાર સ્થાનપલટાં કરવાં પડયાં છે. એક વૃક્ષના થડમાંથી જેમ અનેક શાખાઓ–ડાળીઓ ફૂટે તેમ જૈનસંઘ ભારતવર્ષના જુદા જુદા દેશોમાં ફેલાયો હતો. જુદા પડવા છતાં જૈન સંઘે પોતાની સંસ્કૃતિના પ્રાણવેગને કયાંય પણ ક્ષીણ થવા દીધો નથી. જ્યાં જ્યાં જૈન તપસ્વીઓ કે જૈન ઉપાસકો ગયા છે ત્યાં ત્યાં તેમણે પોતાવી સભ્યતાનો શાંતિપૂર્વક પ્રચાર કર્યો છે. પોતાથી જુદી પડતી સભ્યતાઓને, ક્રમે ક્રમે પોતામાં પચાવી છે.

ભયંકર દુકાલને લીધે કેટલાક જૈન મુનિઓને દક્ષિણ તરફ જવાની જરૂર પડી એ પ્રકારનો ઐતિહાસિક ઉલ્લેખ આપણા શાસ્ત્રોમાં છે, પણ જૈન

---

અને અપૂર્ણ પરિભાષાથી સત્ય જ્ઞાનની પ્રાપ્તિમાં અનેક આવરણો ઉપસ્થિત થાય છે. જડવાદીઓ ચેતનાનાં વાસ્તવિક સ્વરૂપનાં અજ્ઞાનને લીધે સંભ્રમ–દશામાં નિમગ્ન રહે છે. ચેતના એ ભૌતિક પદાર્થની પરિણતિરૂપ છે એવી માન્યતાને લઈને તેમને ચેતનાનું સ્વરૂપ નથી સમજાતું. ચેતનાનાં સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થતાં ભૌતિક દ્રવ્યનાં આવરણનું નિઃસારણ થાય છે. ચેતનાનાં યથાયોગ્ય જ્ઞાનને પરિણામે મનુષ્યની આધ્યાત્મિક ઉન્નતિ સત્વર થવા માંડે છે, આત્મજ્ઞાનનો આવિષ્કાર થાય છે અને પરમાત્મ પદનાં સમીપવર્ત્તી અસ્તિત્વથી આત્મ સાક્ષાત્કારની પરમ સુખમય સ્થિતિનો પ્રારંભ પણ થવા લાગે છે. આ પ્રમાણે આત્માની પરમ સુખમય દશાના શ્રીગણેશ મંડાય છે. ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુઓએ, દક્ષિણમાં ગયા પછી ત્યાં જૈન સંસ્કૃતિનો કઈ રીતે પ્રચાર કર્યો? દક્ષિણની લોકભાષાની કેવી સેવા કરી? અને ક્રમે ક્રમે રાજ્યાશ્રય મેળવી કેટ-કેટલાં મંદિરો–મઠો અને વિદ્યાપીઠો નિર્માવ્યાં? તે આપણે નથી જાણતાં. દક્ષિણમાં એવી શાખા ભલે જુદી પડી પણ એમાં જૈનત્વનો જ પ્રાણવેગ વહેતો હતો એ વાત નવેસરથી કહેવાની જરૂર નથી.

તામિલ એ દક્ષિણની મુખ્ય લોકભાષાઓ પૈકીની એક મુખ્ય ભાષા છે. આ ભાષાના વિકાસનો ઇતિહાસ આ લેખમાં શ્રી વસન્તકુમુર ચટ્ટોપાધ્યાય નામના એક વિદ્વાન, જૈન સાહિત્યને ઘણું સારૂં–ઉચ્ચ સ્થાન આપે છે. તેઓ કહે છે:

" ખૃષ્ટીય આઠમા શતકથી બારમા શતક સુધી દાક્ષિણાત્યમાં જૈનોનો
" સવિશેષ પ્રાદુર્ભાવ દેખાય છે. જૈનોના પ્રતાપે પાંડય અથવા તામિલદેશમાં
" ચાર–ચાર સૈકાઓ કરતાં પણ વધુ વખત લગી સાહિત્યસેવા ચાલુ રહી.
" પ્રાચીન સમયમાં મદુરા શહેરમાં એક જૈન વિશ્વવિદ્યાલય પણ હતું. આ
" વિશ્વવિદ્યાલયે ઘણા તામીલ કાવ્યો અને જૈન ધર્મગ્રંથોનો પ્રચાર કર્યો
" હતો. જૈન તામીલ સાહિત્ય ઉપર સામાન્યપણે સંસ્કૃતનો ખૂબ પ્રભાવ
" પડયો હતો. તો પણ એણે તામિલ સાહિત્યમાં એક વિશેષતા ઉમેરી હતી.
" નીતિ સાહિત્યમાં એ મૌલિકતા દેખાઇ આવે છે. જે કોઇ પાશ્ચાત્યપંડિત,
" તામિલ સાહિત્યનો અભ્યાસ કરે છે તે કહે છે કે સંસ્કૃત કરતાં પણ
" તામિલ સાહિત્ય એ વિષયમાં વધુ સમૃદ્ધ છે."

વાસ્તવિક રીતે તો જૈન સાહિત્ય એ કરતાં પણ વધુ પ્રાચીન હોવું જોઇએ, પરંતુ ઉપરોક્ત લેખક કહે છે તેમ આઠમા શતક પહેલાંના સાહિત્યનો બરાબર પત્તો નથી લાગતો. પ્રાચીન સાહિત્ય બધું " અગત્સ્ય " નામના ઋષિના ખાતે જ ચડયું છે. અગત્સ્ય ઋષિના નામથી ઘણા લેખકોએ કાવ્યસાહિત્ય યોજ્યાં હતાં અને તે આજે પણ મોજુદ છે.

જૈન સાહિત્ય–મહારથીઓની સેવાનો ઉલ્લેખ કરતાં એ જ પંડિત ઉમેરે છે:

" તિરૂવલ્લુવરે રચેલો એક નીતિશાસ્ત્રનો કિંવા પુરૂષાર્થની પ્રેરણા આપતો ગ્રંથ તામીલમાં બહુ નામાંકિત છે. એમાં ધર્મ, અર્થ, કામ એ ત્રણ પ્રકારના પુરૂષાર્થ વિષે સૂત્રાત્મક વિવેચન છે. આના કરતાં વધુ પ્રાચીન ગ્રંથ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપલબ્ધ નથી. જૈનધર્મના મૂલ મંત્ર–અહિંસા ધર્મ ઉપર જ એ ગ્રંથનો પાયો છે. સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવના રાખવી એ ગ્રંથનું મુખ્ય સૂત્ર છે."

દક્ષિણમાં, પાછળથી શ્રી રામાનુજાચાર્ય તથા શંકરાચાર્યનું ખૂબ જોર જામ્યું હતું. પણ આ પ્રાચીન ગ્રંથમાં એ બે પૈકી એકે આચાર્યની સીધી કે આડકતરી અસર દેખાતી નથી.

નાલડિઅર, એવી જ જાતનો એક પ્રાચીન ગ્રંથ છે. એનો અર્થ ચતુષ્પદી જેવો થાય છે. એમાં પણ ધર્મ, અર્થ અને કામનો વિષય ચર્ચવામાં આવ્યો છે.

ચિંતામણીના લેખક તો નિર્વિવાદપણે જૈન જ હતા. એમને તામીલ કવિઓના સમ્રાટ તરિકે ઓળખાવવામાં આવે છે.

કોષ અને વ્યાકરણના વિષયમાં જૈન લેખકો પછાત નથી રહ્યા. તામીલમાં આજે પરનંતિકૃત નન્નૂલ નામનું વ્યાકરણ આધારભૂત ગણાય છે. એના યોજક પણ જૈન જ હતા.

જૈન યુગની પછી શૈવ તથા વૈષ્ણવયુગ આવ્યો. જૈન–સંસ્કૃતિ, સાહિત્ય અને લોકગીતદ્વારા જનસમૂહમાં પ્રવેશ પામી ચૂકી હતી. શૈવ અને વૈષ્ણવ સાધુ–સંતોએ એ જ રાજમાર્ગ સ્વીકાર્યો. ઇતિહાસ કહે છે કે જે રીતે શ્રમણોએ લોકપ્રિયતા સંપાદન કરી હતી તે જ રીતે શૈવ તેમજ વૈષ્ણવ લેખકોએ પોતપોતાના મંતવ્યોનો પ્રચાર કર્યો. આખરે એમને પણ રાજનો આશ્રય મળ્યો. જૈનો ધીમે ધીમે સાહિત્યના ક્ષેત્રમાંથી ખસતા ગયા તેમ તેમ સંઘનું પ્રભાવ–તેજ પણ ઝંખવાતું ચાલ્યું.

તામીલ સાહિત્યનો ઇતિહાસ આજે પણ એક બોધપાઠ આપે છે: "લોક–હૃદયમાં પ્રવેશવું હોય તો સરળ–સુગમ વાણીમાં સાહિત્ય રચો અને તેનો ખૂબ પ્રચાર કરો." આજે આપણે એ માર્ગની ઉપેક્ષા કરી છે અને તેનું પરિણામ એ આવ્યું છે કે આપણે દિનપ્રતિદિન વધુ ને વધુ સંકુચિત તેમજ અનુદાર બનીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુભાષિત પદ સંગ્રહ.

૧ પાંચ પ્રકારના શૌચ–પવિત્રભાવઃ—સત્ય, તપ, ઇન્દ્રિયનિગ્રહ, સર્વ-પ્રાણીદયા અને જળશૌચ પાંચમો કહ્યો છે.

૨ આ મારૂં અને આ પરાયું એવી ગણના ક્ષુદ્ર જીવોની હોય છે. ઉદાર ચરિત્ર–આત્માઓને તો સારી આલમ કુટુંબરૂપ હોય છે.

૩ દેવાંશી કોણ હોય છે ?:—દેવપૂજા, દયા, દાન, દાક્ષિણ્ય, દક્ષતા–ડહાપણ અને મન–ઇન્દ્રિયો ઉપર કાબૂ રાખનાર દેવાંશી કહેવાય છે.

૪ સુપાત્રે દાન, નિર્મળ શીલ, વિવિધ તપ અને શુભ ભાવના એ ચાર પ્રકારના ધર્મને મુનિજનો વખાણે છે.

૫ કોઈ એક ગમે તેટલું દાન દે પણ તે જીવ–દયાને ન પહોંચે.

૬ સુજ્ઞ આત્મા અપકારી ઉપર વિશેષે કરૂણા દાખવે. જેમ કોપવશ દંશ દેનારા ચંડકોશીયા ઉપર વીર પ્રભુએ દાખવી.

૭ એક દિવસનો જ્વર છ માસનું તેજ–બળ હરી જાય છે; પણ ક્રોધ–કષાય, ક્રોડો પૂર્વનું સંચેલું સુકૃત હરી લે છે.

૮ ભૂમિગત પાણી પવિત્ર, પતિવ્રતા નારી પવિત્ર, ધર્મશીલ રાજા પવિત્ર લેખાય છે તેમ બ્રહ્મચારી સદા પવિત્ર લેખાય છે.

૯ ગુરૂમહારાજની સાક્ષીએ અંગીકાર કરેલું વ્રત પ્રાણાન્તે પણ ભાંગવું નહીં; કેમકે વ્રતભંગ અતિદુઃખદાયક નીવડે છે. ત્યારે પ્રાણ તો જન્મોજન્મમાં નવા સાંપડે છે.

૧૦ દેહરૂપી કારાગ્રહમાં ચાર કષાયો ચાર ચોકીદાર સમા છે. જ્યાં-સુધી તે દુષ્ટ દોષો જાગતા છે ત્યાં સુધી મોક્ષ દૂર છે.

૧૧ સેંકડોમાં કોઈક શૂરો જાગે, હજારોમાં કોઈક પંડિત અને લાખોમાં કોઇક ખરો વક્તા બને. ખરો દાતા તો એથી દુર્લભ છે.

૧૨ દીન–અનાથને ઉદ્ધર્યા નહીં, સાધર્મીજનોની સાચી–સેવા–ભક્તિ કરી નહીં અને વીતરાગ પરમાત્માને નિજ હૃદયમાં ધાર્યા નહીં તો સારો જન્મ એળે ગુમાવ્યો જાણવો.

૧૩ સંત–સાધુ ઉત્તમ પાત્રરૂપ, વ્રતધારી સુશ્રાવકજનો મધ્યમ પાત્રરૂપ અને વિરતિ ( વ્રત નિયમ ) વગરના સમ્યગ્દૃષ્ટિ જનોને જઘન્ય પાત્રરૂપ જાણી તેમનો યથાયોગ્ય આદર કરવો કહ્યો છે. સુજ્ઞેષુ કિં બહુના ?

**સ. ક. વિ. ઇતિશમ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્મારામજી મહારાજની કેટલીક વિશિષ્ટતાઓ

જૈન સમાજનાં વ્યાપેલા ઘોર તિમિરને નિવારવા માટે આજથી એક સૈકા પૂર્વે આત્મારામરૂપ ભાનુનો ઉદય પંજાબની પુણ્યભૂમિમાં થયો હતો કે જેની જન્મ-શતાબ્દિ ગત ચૈત્ર માસમાં ખૂબ ઉત્સાહપૂર્વક તેમના પટ્ટધર આચાર્યદેવશ્રી વિજયવલ્લભસૂરિજીના શુભ પ્રયાસથી ઉજવાઈ ગઈ છે. એ પુણ્ય પુરૂષે પોતાના સાઠ વર્ષના જીવનકાલમાં જૈન શાસનને માટે ઘણું ઘણું કર્યું છે; તેથી જ આપણે તેમને આજે પ્રેમથી સંભારીએ છીએ.

તે મહાપુરૂષનાં સ્વર્ગવાસને પણ ૪૦ વર્ષ પૂર્ણ થયા છે. (વિક્રમ સંવત્ ૧૯૫૨ ના જ્યેષ્ઠ શુદિ ૮ ના રોજ તેમનો સ્વર્ગવાસ પંજાબના ગુજરાંવાલા શહેરમાં થયેલ છે.) આ અંક જ્યારે વાંચક બન્ધુઓના હાથમાં આવશે ત્યારે તો આપણે તે મહાપુરૂષની સ્વર્ગગમન તીથિની ઉજવણીના સમાચારો વાંચતા હોઈશું. આ પ્રસંગે સ્વ૦ ગુરૂદેવના જીવનની કેટલીક વિશિષ્ટતાઓ આ લેખમાં વર્ણવીશ તો તે અસ્થાને તો નથી જ એમ માનું છું.

તેમના દેહાવસાન પછી આજે ૪૦ વર્ષે તેમની જે મહદ્ કિંમત આપણે આંકીએ છીએ તેટલી કિંમત તેમની હાજરીમાં નહોતી અંકાઈ એમ કહેવામાં કંઇ અતિશયોક્તિ જણાતી નથી.

મહાઅધ્યાત્મી યોગીરાજ શ્રીમાન્ આનંદઘનજી મહારાજ શું કે મહા પંડિત શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય શું? શ્રીમદ્ આત્મારામજી મહારાજ શું કે અન્ય મહાપુરૂષ શું? તેમની હાજરીમાં ભાગ્યેજ તેમની કિંમત અંકાય છે. પ્રાયે પ્રત્યેક સમાજ મહાપુરૂષનું મૂલ્ય આંકવામાં પચાસ વર્ષ પાછળ જ હોય છે અર્થાત્ તેમની ગેરહાજરીમાં જ તેમના આત્માનું યથાર્થ દર્શન પ્રજા કરી શકે છે. શ્રીમદ્ આત્મારામજી મહારાજ માટે પણ લગભગ એવી જ સ્થિતિ પ્રવર્તતી હતી. તેમણે તો દીર્ઘદૃષ્ટિ વાપરીને જૈન દર્શનના બીજ તે કાળે યુરોપની ભૂમિમાં વાવવામાં તેઓશ્રીએ ઉજ્વળ ભાવીના દર્શન કર્યા હતા. અને એથી પ્રેરાઈને જ તેમણે સ્વ. ગાંધીને ત્યાં મોકલવામાં અગ્રભાગ લીધો હતો. પરંતુ વર્તમાનમાં સુધારાના શિખરે બિરાજેલ મુંબઈ જેવા શહેરના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનોએ મહારાજશ્રીના તે કાર્યનો–દરિયાપાર શ્રીયુત્ ગાંધીને મોકલવાના કાર્યનો–સખત વિરોધ કર્યો હતો. તેમનો માર્ગ ફૂલ–બીછાવેલ ન હતો પણ આવા પ્રકારના કંકર અને કંટકથી આચ્છાદિત માર્ગ હતો તેમ છતાં અપ્રતિમ પ્રભાથી, ક્ષાત્રોચિત તેજસ્વીપણાથી અને શાસનસેવાની ધગશથી તેમણે તેમની જીવનયાત્રાના સાઠ વર્ષોમાં ઘણું કરી નાખ્યું એમ બેધડક કહી શકાય તેમ છે. તેમાં મુખ્યત્વે તેમના અક્ષરદેહરૂપ તેમના વિદ્વત્તાભર્યા મોટા મોટા ગ્રંથો સૌથી પહેલી તકે આપણી નજરે ચડે છે. તે સિવાય તેમના સુપ્રયાસના પરિપકવ ફલરૂપ પંજાબ જેવી અણુખેડાયેલ ભૂમિમાં દેવવિમાન જેવા મંદિરો પણ આપણી દૃષ્ટિને આકર્ષે છે. તેમનું અગાધ પાંડિત્ય છતાં તેમની સરલતા તો અતિ મુગ્ધ કરે તેવી છે. તેમના હાથે લખાયેલા નમ્રતાથી નીતરતા પત્રો અને તેમના કૃત સ્તવનો એ વાતની સાક્ષી પૂરે છે. તેમનું વ્યક્તિત્વ પણ આંજી નાખે તેવું તેજસ્વી હતું. ગમે તેવો ઉગ્ર વિરોધી પણ તેમની પાસે આવતા શાંત થઇને જ પાછો જતો. આ તેમના હૃદયમાં વર્તતી અપૂર્વ શાન્તિનોજ પ્રભાવ હતો. તેમની અજબ લાક્ષણિકતા તો અનેક પ્રસંગોમાં મૂર્ત સ્વરૂપ પામતી જોઈ શકાય છે.

શતાબ્દિના કાર્યને અંગે શ્રીમાન્ વિજયવલ્લભસૂરિજી મહારાજની સાથે લગભગ ચાર માસ પર્યંત રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલ ત્યારે સ્વ૦ગુરૂદેવની મહત્ત્વતા દર્શાવતો એક ખાસ પ્રસંગ શ્રીમાન્ વિજયવલ્લભસૂરિજી મહારાજના મુખેથી સાંભળેલો તે અત્રે જણાવું છું. તે ઉપરથી સ્વ૦ગુરૂદેવ શરીર પાસેથી કેવું અપ્રમત્ત કામ લેતા હશે એનો સહજ ખ્યાલ આવી શકશે.

શતાબ્દિ પ્રસંગની આમંત્રણ પત્રિકામાં ચાલુ પ્રસિદ્ધ થતી કુમકુમ પત્રિકાઓ કરતાં એક વિશિષ્ટતા હતી, અને તે એ કે શ્રી આત્મારામજી મહારાજના કેટલાક જીવનપ્રસંગો ઉપરથી ચિત્રકાર પાસે તે વિષયના રેખાચિત્રો દોરાવી, તે ઉપરથી બ્લોકસ બનાવરાવી કંકોત્રીની આસપાસ બ્લોકોને મૂકયા હતા. તેમાં એક સ્થાને એવું ચિત્ર મૂકાયેલું કે શ્રીમદ્ આત્મારામજી મહારાજ બેઠા છે અને તેમના મોઢા આગળ એક નાનું ટેબલ પડયું છે, તેના પર પાનાઓ મૂકી શ્રી આત્મારામજી મહારાજ લખી રહ્યા છે.

સદ્ગત તે સમયના એક સમર્થ લેખક હતા. અને અનેક સફળ ગ્રંથોના તેઓ નિર્માતા હતા એટલે ચિત્રકાર બન્ધુએ તો પોતાની દૃષ્ટિએ કલ્પના બરાબર કરી હતી; પરંતુ તે કલ્પના આધુનિક દૃષ્ટિબિન્દુને ખ્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લમાં રાખીને કરાયેલી હોઇને તેમની આગળ સ્ટુલ મૂકયું હતું. આ વિષે વાત નીકળતાં શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી કે જેઓ સ્વ૦ ગુરૂદેવના અતિ નિકટ પરિચયમાં વસ્યા છે તેમણે જણાવ્યું કે આ બાબત જો પૂછયું હોત તો આ ચિત્ર મૂકવાનું ન બનત; કેમકે સ્વર્ગવાસી મહારાજ સાહેબ લખતી વખતે ટેબલ તો શું પરંતુ કોઈ પણ વસ્તુનો સહારો ( આશરો ) લેતા ન હતા. મેં આશ્ચર્યપૂર્વક પૂછયું કે–તો તેઓશ્રી કઇ રીતે લખતા હતા એ આપ જણાવશો ? તેઓ સાહેબે પ્રત્યુત્તરમાં કહ્યું કે મહારાજ સાહેબ ડાબા હાથમાં પુઠું રાખતા અને તેના ઉપર કાગળ રાખી તેઓ લખતા હતા. આમાં જાણવા જેવી વિશિષ્ટતા એ છે કે ડાબા હાથની સ્થિરતા એટલી બધી કે હાથને કે હાથમાં રાખેલ પુઠાં તે કોઈ વસ્તુનો–સ્ટુલનો કે પગના ઢીંચણનો-સહારો લેવો પડતો ન હતો. હાથ એમ ને એમ અધર સ્થિર રહે અને તેના ઉપરના કાગળમાં અક્ષરો સુસ્પષ્ટ મોતી જેવા નીકળતા જ જાય. જરાયે ધ્રુજા-રી–કંપ કે અક્ષરોની અવ્યવસ્થાનું નામ જ નહીં. મેં પોતે ( શ્રીમાન્ વિજય-વલ્લભસૂરિજીએ )એ પ્રમાણે લખવા બહુ પ્રયાસ કરી જોયો; પણ તે પ્રમાણે લખવાનું નથી બની શકયું.

આચાર્ય ભગવંત શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ પાસેથી શ્રીમદ્ આત્મારામજી મહારાજની લખવાની પદ્ધતિ વિષેની આ વાત સાંભળીને હું અને અન્ય સાંભળનારાઓ ક્ષણભર આશ્ચર્યમુગ્ધ બની ગયા. એવી રીતે લખવું અને તે પણ બહુ સારી રીતે લખવું, મોટા મોટા વિદ્વત્તાભર્યા ગ્રંથો એ શૈલીએ લખવા એ કાર્ય કેટલું બધું મુશ્કેલ છે એનો ખ્યાલ વાંચકો જ કરી લ્યે.

આત્મારામજી મહારાજમાં આવી તો કેટલીએ વિશિષ્ટતાઓ હતી. અપ્રમાદિપણે વર્તવું એ તો એમનું ખાસ ધ્યેય હતું. હું ન ભૂલતો હોઉં તો એક વખત શ્રીમાન્ વિજયવલ્લભસૂરિજી મહારાજ પાસેથી સાંભળ્યું હતું કે મહારાજ સાહેબ ( શ્રી આત્મારામજી મહારાજ ) કદી પણ પાછળ કોઇ વસ્તુનો દીવાલ કે પાટીયાનો આશ્રય લઇને બેઠા નથી; પણ જ્યારે બેસે ત્યારે પાછળ કંઇપણ–ભીંતનું કે પાટીયાનું ઓઠીંગણ ન હોય તે રીતે જ બેસતા હતા.

ખરેખર આવા પુરૂષોથી જ પૃથ્વી રત્નગર્ભા **बहुरत्ना वसुंधरा** કહેવાય છે તે યુક્ત જ છે. નમસ્કાર હો એ શાસનપ્રભાવક વીરનરને અસ્તુ ! ॐ શાન્તિ.

**રાજપાળ મગનલાલ વ્હોરા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મારવાડ યાત્રા

## મારવાડના જૈનોનું સામાજિક જીવન

લે૦ મુનિ૦ શ્રી ન્યાયવિજયજી

मरुदेशे पंचरत्नानि कांटा भाठा च पर्वताः ।
चतुर्थो राजदंडः पंचमं वस्त्रलुंचनम् ॥

મરૂદેશમાં વિહાર કરનાર પાદવિહારી સાધુઓને અત્યારે પણ કાંટા, કાંકરા અને રેતનો કટુ અનુભવ થાય છે અને અવારનવાર પહાડો પણ વટાવવા પડે છે. આજ વીસમી સદીમાં પણ ત્યાં એકલા–ચોકીદાર સિવાય–ન જવાય એ ઓછા આશ્ચર્યની વાત છે? સાથે ભલેને મિયાણાનો એક છોકરો જ હોય પણ એની ચોકી સિવાય ન જવાય એ ચોક્કસ. સાથે અમને એમ પણ લાગ્યું કે અહીંની જનતા વધુ પડતી બીકણ હશે.

યાત્રા તો તીર્થોની અને તીર્થભૂમિઓની જ હોય, છતાંય મરૂદેશની જનતાનો પણ થોડો ખ્યાલ કરાવી દઉં જેથી ગુજરાતના માનવીઓ જાણે તો ખરા કે અમારા સ્વધર્મીઓ કેવી સ્થિતિમાં છે. આમાં ઉદ્દેશ કોઇનીયે ટીકા કરવાનો નથી.

મરૂદેશ એટલે અજ્ઞાનાંધકારનો ખજાનો. આ છેલ્લા દશકામાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી, આચાર્ય શ્રી વિજયશાન્તિસૂરિજી અને ઉપાધ્યાયજી શ્રી લલિતવિજયજી, વિદ્વાન સાહિત્યપ્રેમી મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી, મુનિરાજ કમલવિજયજી આદિના પ્રયત્નથી જૈન ગુરૂકુલ, વિદ્યાલય એવં પાઠશાળા, બોર્ડીંગ કે છાત્રાલય ચાલે છે અને જૈન સમાજમાં શિક્ષાની દીક્ષા અપાઇ રહી છે એ ખુશી થવા જેવું છે; પરંતુ હજી શિક્ષણની ઘણી આવશ્યકતા છે. બહુ જ થોડાં માબાપ પોતાના બાળકોને શિક્ષણની જરૂર સમજે છે. બાકી તો થોડું લખવા–વાંચવાનું, અને થોડું મહાજની આવડ્યું એટલે તો બસ ઘણું ભણી ગયા એમ મનાય છે. જ્યાં પુરૂષવર્ગની આ દશા છે ત્યાં સ્ત્રીઓ માટે તો પૂછવું જ શું? જનાનાકુ–લડકીકુ પઢકે કયા કરના હૈ? આ વિચારણા ઘર કરીને બેઠી હોય ત્યાં શું થાય? હાં કોઇ પરિશ્રમી સાધ્વીજી મહારાજો વિચરે છે અને બાળકીઓને ભણાવે છે પણ તેય લખતાં–વાંચતા નહિ; મુખ જબાની જ ભણાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાર્મિક શિક્ષણ પણ મરૂદેશમાં બહુ જ અલ્પ પ્રમાણમાં જોવાય છે. ગુજરાતમાં જ્યાં સ્થાન સ્થાન પર પાઠશાળાઓ, રાત્રિ જૈનશાળા ચાલે છે ત્યાં આખા મારવાડમાં બે પાંચ રાત્રિ જૈનશાળાઓ સારી રીતે ચાલતી હોય તોયે બસ છે. આ ધાર્મિક શિક્ષણ અને સંસ્કારના અભાવે જ મરૂદેશમાં અનેક બદીઓ–કુરિવાજો નજરે પડે છે. સદાચાર અને સારા સંસ્કારનો અભાવ નજરે પડે છે. મારવાડમાં જૈન સાધુઓનો વિહાર નથી થતો એમ નથી, ભલે અલ્પ પ્રમાણમાં થાય છે પરન્તુ સાધુઓ વિચરે છે જરૂર; કિન્તુ હજીયે મરૂદેશમાં અસદાચારની બદબો જે ભરી છે એ બહુ જ શરમજનક અને દુઃખદાયક છે.

આ સાથેજ બાળલગ્ન, વૃદ્ધલગ્ન, કન્યાવિક્રય અને વરવિક્રયની ભયંકર પ્રથા ખુબ જ પ્રચલિત છે. મારવાડના જૈન સમાજના ઉદ્ધાર માટે સૌથી પ્રથમ આ કુરિવાજોનો વિનાશ એ જ જરૂરી પગલું છે. ત્યારપછી શિક્ષણ, ઉપદેશ કે વ્યાખ્યાનોની અસર થશે. આ કાર્ય આ પ્રદેશમાં વિચરતા મુનિમહાત્માઓ ઉપાડી લ્યે તો લાંબા સમયે જરૂર સુધારો થાય ખરો. મુનિરાજોના વિહારના પ્રતાપે ગુજરાત સુધર્યું, મારવાડ પણ સુધરે જ એમાં આશ્ચર્ય કાંઇ નથી. યદિ ધર્મ ભાવના, સાચું ધાર્મિક જ્ઞાન અને ધાર્મિક સંસ્કારો આ પ્રદેશમાં આવે તો આ કુરિવાજો રહે ખરા ? આ પ્રદેશમાં ત્યાગ ભાવના બહુ જ અલ્પ જોવાય છે. સાઠ સાઠ ને સીત્તેર વર્ષના બુઢ્ઢા મહાનુભાવો પણ ચતુર્થવ્રત ઉચ્ચરતાં અચકાય છે; પછી યુવાનોની તો વાત જ કયાંથી થાય ? આજે ગુજરાતના સેંકડો સાધુ જૈન ધર્મની સેવા કરી રહ્યા છે જ્યારે મરૂદેશીય સાધુઓ કેટલા છે તે તપાસો. અમને એક પૂજ્ય આચાર્ય મહારાજે કહેલું કે " મરૂદેશમાંથી સાધુ બહુ જ થોડા થાય છે અને થાય છે તેમાં બહુ બુદ્ધિ કે વિચારશક્તિ ભાગ્યેજ જોવાય છે. " આ વાત ઘણે અંશે સાચી લાગે છે. બેશક, તેમનામાં કોઈ કોઇ સારા તપસ્વી, ત્યાગી કે સેવાભાવી થઇ શકે છે. બાકી કેટલાક તો દેશજન્ય સંસ્કારોથી એટલા રૂઢ હોય છે કે આ દેશમાંજ એ સાધુઓનું નભી શકે. અમને અનુભવમાં એમ પણ લાગ્યું કે સીધા–સાદા સાધુઓની આ લોકોને પીછાણ જ નથી. લઠમાર, આડંબરી, મંત્ર, તંત્ર કે ચમત્કાર જાણનાર, ભાવ બતાવનાર કે ખુશામદીઓને આ લોકો જેટલા માને છે, પૂજે છે કે સત્કારે છે એટલા સીધા–સાદા સાધુઓને નથી માનતા.

આ સાથે આહારવિહારમાં પણ ભારે વિચિત્રતા છે. બટાટા ( આલુ ) તથા ડુંગળી આ પ્રદેશમાં ખૂબ જ ખવાય છે. અરે ! આઠમ ને ચૌદશ જેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવિત્ર દિવસે ડુંગળી અને બટાટાની સુકવણી ખવાય છે. આમાં ગોડવાડ હજી સુધરેલ પ્રાંત છે. ત્યાં આપણા જૈનોમાં આ પ્રથા અલ્પ પ્રમાણમાં છે પરન્તુ સ્થાનકમાર્ગિઓમાં તો વિના અપવાદે આ પ્રથા ચાલે છે. ડુંગળી જેવી અભક્ષ્ય અને દુર્ગંધ મારતી ચીજ આટલી કેમ વપરાય છે એ સમજાતું નથી. ખરેડી છોડયું કે બધે આ પ્રથા નજરે પડે છે. આ પ્રદેશમાં સ્થાનકમાર્ગી સાધુએ ડુંગળી, બટાટા, લસન આદિ બધાં કન્દમૂળ ખાય છે. તેઓ છડેચોક-ભરવ્યાખ્યાનોમાં કહે છે કે કન્દમૂળ ખાવાનો કોઇ મૂલ જૈનશાસનમાં નિષેધ નથી. યદિ નિષેધ હોય તો પણ સાધુઓને પાત્રે પડયું પચ્ચખ્ખાણ છે. કલ્પે છે. બીજી વનસ્પતિઓનો ત્યાગ કરાવશે પણ ડુંગળીબટાટાનો ત્યાગ ભાગ્યે જ કરાવશે. જૈનમંદિરમાં જિનેશ્વરદેવને વંદના કરવાની બાધા આપશે પરન્તુ મિથ્યાત્વી દેવો, દેવીઓ, ભૈરવ, ભવાની, મેલડી, હનુમાન, કાલી, દરગાહપીર અને પીપળો, ખીજડો પૂજવાની બાધા નહિ આપે. શું ધર્મને નામે તુત ચાલ્યું છે? એક દષ્ટાન્ત આપું.

મારવાડમાં બગડી ગામ બહુ પ્રસિદ્ધ છે. સ્થાનકવાસીમાંથી બાવીસ ટોળા અને તેરાપંથ અહીંથી જુદા પડ્યા. બન્ને સંપ્રદાયવાળા બગડીને પોતાના ભેદોની ઉત્પત્તિનું સ્થળ માને છે. અહીં લગભગ ત્રણસો ઘર ઓસવાલ જૈનોનાં છે. માત્ર પચાસેક ઘર છોડીને બાકી બધાય બાવીસ ટોળા ( ઢુંઢક મતના ) અને તેરાપંથના અનુયાયી છે. એ સંપ્રદાયના સાધુઓએ ત્રિલોકનાથ જિનવરેંદ્રદેવનાં દર્શન, પૂજન, વંદનની બાધા બધાને આપેલી છે. હવે આપણી જ ધર્મશાળામાં એક પીપળાનું ઝાડ છે. એ બધાય તેરાપંથી અને સ્થાનકમાર્ગીઓની સ્ત્રીઓ પીપળાની પૂજા કરે છે. એકેક લોટો પાણી ઢોળે છે, કંકુનાં ટીલાં કરે છે, સુતરનાં દોરા બાંધે છે. પીપળાની છાલનો ટુકડો ઉખાડે છે, ફૂલ ચઢાવે છે. આમાં પાપ નહિં હોય? હિંસા નહિં થતી હોય? આમાં આશ્રવ, સંવર કે નિર્જરા હશે? સ્થાનકવાસી સાધુઓ યદિ જિનવરદેવના પૂજનમાં, વંદનમાં, દર્શનમાં પાપ, હિંસા, અધર્મ માની ત્રિલોકનાથનાં વંદન, પૂજન અને દર્શન અટકાવતા હોય તો આ એકાંત પાપરૂપ મિથ્યાત્વનાં પૂજન કેમ નથી અટકાવતા? તેમજ સમ્યક્ત્વ ઉચ્ચરાવતા આ બધાની છૂટ શા માટે રખાવે છે? શાસ્ત્રમાં છૂટ છે ખરી?

આ સિવાય હોળીના રાજા ઇલાજીનું પૂજન કયા સ્થાનકવાસી તેરાપંથી નથી કરતો? એટલે સુધી આ મતમાં અજ્ઞાન પ્રવર્તે છે કે મંદિરમાં—જિનમંદિરમાં ન જાય પરંતુ મંદિરની સામે કે તેની પાછળ ગમે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિથ્યાત્વદેવ હોય, ઇલાજી હોય કે પીપળો હોય તેની પૂજા, માનતા, અર્ચના ચાલુ જ હોય ? મૂર્તિપૂજક જૈનોમાં આ પ્રથા સર્વથા નથી એમ નથી પરન્તુ સ્થાનકમાર્ગીઓ અને તેરાપંથીઓ કરતાં મૂર્તિપૂજક જૈનોમાં મિથ્યાત્વી દેવ–દેવી અને મિથ્યાત્વી પર્વોની ઉપાસના જરૂર થોડી અલ્પ છે એમાં સંદેહ નથી. એટલે સ્થાનકવાસી સાધુઓએ જૈનોને જિનવરેન્દ્રદેવ છોડાવ્યા, સમકિતી દેવોની ઉપાસના છોડાવી અને મિથ્યાત્વી દેવોના ઉપાસકો બનાવ્યા છે; તેનું ભયંકર પાપ વ્હોર્યું છે. અરે એટલું જ નહિં. કંઇક જિનમંદિરોને બંધ કરાવ્યા છે. જ્યારે મિથ્યાત્વ વધાર્યું છે હવે તેમના સ્થાનકમાર્ગી સંપ્રદાયના શ્રાવકોના ભાગ્યમાં જિનવરેન્દ્રની પૂજા છૂટી જવાથી ઉપરોક્ત પૂજાઓ જ બાકી રહી હશે એમ લાગે છે!

હમણાં એક રમુજી પણ બોધપ્રદ કિસ્સો બન્યો છે. જૈન સમાજને જાણવા ખાતર એ રજુ કરૂં છું. એક તેરાપંથી સાધુએ (ખુદ તેના વર્તમાન અધિપતિ કાલુરામજીએ જ) એક મંદિરમાર્ગીની પુત્રીને તેરાપંથને સમકિત પરાણે ઉચ્ચરાવ્યું. મંદિરમાં વંદન, દર્શન–પૂજન બંધ કરાવ્યાં અને પોતાનાં દર્શન કર્યા સિવાય ખાવું નહિં એવાં પચ્ચખાણ આપ્યાં. થોડા સમય પછી પૂજજીએ વિહાર કર્યો. બાધા લેનાર બાઇએ બચકું બાંધી પૂજજી સાથે જ પ્રયાણ આદર્યું. એકાદ બે મુકામ તો બાઇ તેની સાસુ આદિ ગયાં પછી ઘર-વાળા કહે હવે ઘેર ચાલો. પેલી બાઇ કહે હવે ઘેર કેવું જવાનું હોય ? તમે બધાંયે ભેગા મળી મને પરાણે બાધા અપાવી છે અને મેં લીધી છે કે પૂજ-જીના દર્શન કર્યા સિવાય ખાવું નહિ. આ ફરિયાદ પૂજજી પાસે પહોંચી. પૂજ-જીએ બાઇને કહ્યું તું ઘેર જા. બાઇએ બાધાની વિગત કહી. પૂજજી કહે એ ટુંક સમયની બાધા છે. બાઈ કહે મહારાજ બાધા આપતી વખતે તમે કાંઇ ખુલાસો કર્યો ન હતો માટે એ નહિં ચાલે. અન્તે બાઇની બહુ ભક્તિ જોઈ, પોતાની હાથે ચિતરેલી પોતાની છબી આપી બાઈને કહ્યું આ છબીનાં દર્શન કરીને જમવું. બાઇ બહુજ ચાલાક હતી, જેથી છબી પોતાની પાસે રાખી લીધી અને પછી ધીમેથી કહ્યું: મહારાજ થારે તો મોક્ષે જાણે કો નિશ્ચય હેને ? ઇસી ભવમેં મોક્ષે જરૂર જાઓગે કયું ? બસ, પછી શું પૂછવું ? તેણે કહ્યું જે મોક્ષે ગયેલા છે તેનાં દર્શનમાં પાપ અને જે ગતિનો કાંઇ નિશ્ચય જ નથી એનાં, એની છબીનાં દર્શન કરીને જમવું એમાં ધર્મ આ કયાંનો ન્યાય ? કહે છે આ પ્રકરણથી તેરાપંથમાં ખુબ જ ખળભળાટ મચ્યો. છબી પાછી માંગી પણ સમાજના કેટલાક ભાગમાં અશ્રદ્ધા અને આશંકાએ ઘર ઘાલ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બન્ને પ્રસંગો કન્દમૂળ—અભક્ષનું ભક્ષણ અને મિથ્યાત્વી દેવદેવીઓની ઉપાસના વધવામાં બે કારણો છે. સ્થાનકવાસી સમાજમાં જે સાધુઓ બને છે તે પ્રાયઃ સેંકડે નેવું ટકા અજૈન જાતિમાંથી બને છે. તેમાંય મુખ્ય માળી, કુંભાર, નાઈ, જાટ, અને તદ્દન અશિક્ષિત, અસંસ્કારી સમાજમાંથી સાધુ બને છે. હવે એ લોકો ગૃહસ્થપણામાં ડુંગળી આદિ ખુબ ખાતા હોય પછી એ પ્રથા સાધુપણામાં કેમ છુટે ? એટલે તેમણે પોતાની જીહ્‌વેન્દ્રિયોની લાલચ માટે કન્દમુળની છુટ રાખી છે. સાધુઓ ખાતા હોય તો ગૃહસ્થને કન્દમુળ ખાવામાં શું પાપ છે ? આ માન્યતા સ્થાનકવાસી જૈનોમાં પણ આવી છે. બેશક, તેમાં જેઓ પૂર્વાપરનો વિચાર કરે છે, ભવભીરૂ છે અને સત્યના અર્થી છે તેઓ જરૂર કન્દમૂળ છોડે છે પણ એવાની સંખ્યા બહુ જ અલ્પ હોય છે. આ જોઇ મૂર્તિપૂજક જૈનોમાં પણ કેટલાકને પાશ લાગ્યો છે-લાગે છે. ત્યાંના જમણમાં પણ ડુંગળી કે બટાટા હોય છે. પછી અસર થાય તેમાં નવાઇ શું છે ?

એવું જ મિથ્યાત્વી દેવદેવીઓ અને પીપળા આદિની પૂજામાં છે. આ અજૈન સ્થાનકવાસી સાધુઓએ ગૃહસ્થપણામાં કદી વીતરાગ દેવની મૂર્તિનાં દર્શન કર્યા ન હોય, પીપળ અને ભૂતાદિનું પૂજન પણ કર્યું જ હોય. જિનેશ્વરનાં દર્શનની બાધા આપે પરન્તુ મિથ્યાત્વીનું પૂજન ચાલુ જ રહે—રહેવા દે છે, તેની બાધા ભાગ્યે જ આપે છે.

તેમાં આ પ્રથા મરૂદેશમાં વધારે છે. આજે ગુજરાત કાઠિયાવાડમાં આ દશા નથી. સ્થાનકવાસી સાધુઓ જૈન તીર્થોનાં દર્શને જાય છે. તેના શ્રાવકો પણ જૈન તીર્થોમાં જઇ દર્શન, પૂજન કરે છે ત્યાં પ્રાયઃ ડુંગળી આદિ નથી ખાતા.

અસ્તુ, હવે મૂળ વિષય ઉપર જ આવું.

આ દેશમાં ગંદગી ઘણી. પહેરવાનાં મેલાં ગંદા કપડાં ઉપર સેવ, વડી, પાપડ સુકવે. કપડામાં પણ અશુચિ હોય, જુઓ હોય, આહારમાં ઘણીવાર વાળની લટો, છાણાના ટુકડા આવે, તેમ જ પાણી આદિ બહુ ગળવાની પણ જરૂર ન જુવે

આટલું વર્ણન કોઇના કે વિરોધથી કોઇનેય ઉતારી પાડવાની દૃષ્ટિએ નથી લખ્યું. માત્ર ટુંકમાં વસ્તુસ્થિતિ દર્શાવી છે. તેમાં યોગ્ય સુધારો કરી દરેક સાચા જૈન બને એ શુભ ભાવનાથી જ લખ્યું છે.

આવી જ રીતે આ પ્રદેશમાં કુસુંપ, ઈર્ષ્યા અને અહંભાવ પણ પુષ્કળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચ સકાર

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ.

( અનુસંધાન ગતાંક પૃષ્ઠ. ૨૫૯ થી ચાલુ )

## સેવા.

જગતના સર્વ ચરાચર જીવો નિશ્ચયનયે–અમુક અપેક્ષાએ ભગવાનના સ્વરૂપ છે અને હું સૌનો સેવક છું એ પવિત્ર અને સત્ય ભાવથી મનુષ્ય માત્રને ભગવાનની સેવા કરવાનો અધિકાર અને સૌભાગ્ય પ્રાપ્ત થએલ છે. જેની પાસે જે કાંઇ સાધન હોય છે તે દ્વારા તેણે હરવખત ભગવાનની યથાયોગ્ય સેવા કરવી જોઇએ. એવું નથી કે સેવા કેવળ ધન અથવા તનથી જ થઈ શકે છે, સેવા કરવા માટે સેવાભાવથી ભરેલું મન હોવું જોઇએ. વળી મનુષ્ય પોત-પોતાની કર્મ સામગ્રીવડે ભગવાનની સેવા કરી શકે છે. કોઇ પણ મનુષ્યે એમ ન

---

છે. ગામોગામ ધડાબન્દી, પાર્ટી, ઇર્ષા અને કલેશ ભર્યાં પડયાં છે. ચાર ઘરની વસ્તીમાં પણ બે બે ત્રણ ત્રણ ધાડા–પક્ષો છે. આમાં ખાસ કારણો કાંઇ જ નથી હોતાં. ઘણીવાર મિથ્યા અભિમાન–અહંભાવ અને અંગતમાન હાની, નાના મોટાના કારણે જ આ કલેશો બને છે. એ લોકો સ્વાર્થી પણ એવા જ. વ્યાપારમાં અને તેમાંયે વ્યાજમાં તો આ લોકો ગજબ કરે છે. ઘણીવાર એટલો અન્યાય, અનીતિ અને અસત્યાચરણ કરે છે કે જેથી તેમના લીધે આખા જૈન ધર્મની નિંદા–અવહેલના થાય છે. તેમાં બધાય કાંઇ આવા નથી હોતા. કેટલાક તો બહુ જ ન્યાયી અને સત્ય ભાષી પણ હોય છે, કિન્તુ બહુધા ઉપર લખ્યું તેવા જ હોય છે. આ સિવાય સદ્‌ગુણો પણ હોય છે. દેશભિમાન, વેશાભિમાન વિગેરે વિગેરે.

એટલે આ દેશના ઉદ્ધાર માટે શિક્ષણ–ઉચ્ચ ધર્મ સંસ્કાર અને ધાર્મિક જ્ઞાનની પૂરેપૂરી આવશ્યકતા છે. જ્ઞાન બધા કુરીવાજોને અને બદીઓને નસાડી મૂકશે અને સાચા જૈનો બનાવશે.

આટલા પછી તીર્થોના વર્ણન ઉપર જ આવું

ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવું કે મારામાં સેવા કરવાની શક્તિ અથવા લાયકાત નથી. જડ વૃક્ષ અથવા જ્ઞાન વગરના પશુ પણ પોતાના શરીરદ્વારા જગતની સેવા કરે છે તો પછી ચેતન અને વિવેકસંપન્ન મનુષ્ય સેવા કરી શકે એમાં શું આશ્ચર્ય ? સેવાની ભાવના હોવી જોઇએ. અમુક અપેક્ષાએ પુત્ર માતા–પિતારૂપી ભગવાનની, માતાપિતા પુત્રરૂપી ભગવાનની, શિષ્ય ગુરૂરૂપી ભગવાનની, ગુરૂ શિષ્યરૂપી ભગવાનની, પત્ની પતિરૂપી ભગવાનની, પતિ પત્નીરૂપી ભગવાનની, પ્રજા રાજારૂપી ભગવાનની, રાજા પ્રજારૂપી ભગવાનની, વેપારી ગ્રાહકરૂપી ભગવાનની, ડોકટર રોગીરૂપી ભગવાનની, વકીલ અસીલરૂપી ભગવાનની, નોકર શેઠરૂપી ભગવાનની, શેઠ નોકરરૂપી ભગવાનની, સૌ લોકો પોતપોતાના નિસ્વાર્થવિહિત કર્મોદ્વારા સર્વત્ર સઘળો વખત સર્વ પ્રકારની સેવા કરી શકે છે.

સાચા સેવકના હૃદયમાં કેવળ એક જ ભાવના કામ કરે છે કે હું કોઈ પણ પ્રકારે વધારેમાં વધારે અને ઉપયોગી સેવા કરી શકું. તેને સેવા કરવામાં એવો વિલક્ષણ સંતોષ અને મહાન્ સુખ મળે છે કે તે સેવા છોડીને બીજી કોઇપિણ વસ્તુની ઇચ્છા નથી કરતો. ઇચ્છા તો દૂર રહી, પણ અનિચ્છાથી અનાયાસે મળી જાય તો પણ તે ગ્રહણ નથી કરતો. તેની નજરમાં સાંસારિક વિનાશી વસ્તુઓની કશી કિંમત નથી હોતી. એટલું જ નહિ પણ જે દુર્લભ મુક્તિને માટે મોટા ત્યાગી તપસ્વી મહાત્માઓ હંમેશાં મહેનત કર્યા કરે છે અને કઠોર સાધનાઓ કર્યા કરે છે તેને પણ ભક્ત સેવક ભગવત્ સેવાની પાસે તુચ્છ ગણે છે. કપિલ કહે છે કે હું મારા એ સેવકોને સાલોકય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય અને એકત્વરૂપ મુક્તિ આપવા ઇચ્છું છું પરંતુ તે મારો સેવક મારી સેવા છોડીને તે વસ્તુ સ્વીકારવા નથી માગતો.

તેના મનમાં એક જ ભાવના ઉઠે છે કે જરૂર મારી સેવામાં કંઇક ત્રુટી હોવી જોઇએ. હું સેવાનો બદલો ચાહતો હઇશ અથવા સેવાથી ગભરાતો હઇશ જેથી મુક્તિરૂપી ઐશ્વર્ય નથી પામી શકતો. એવી અવસ્થામાં ભક્ત સેવક વધારે સંકોચાય છે અને તેનો એ સંકોચરૂપી અગ્નિ તેના સેવારૂપી સુવર્ણને વધારે ઉજ્જવળ, શુદ્ધ અને મૂલ્યવાન બનાવે છે, એટલી વાત ધ્યાનમાં રહેવી જોઇએ કે જેમ જેમ સેવાથી મળનાર ફળનો સેવક ત્યાગ કરે છે તેમ તેમ તેની સેવા વધારે ને વધારે કાન્તિવાળી થાય છે. ત્યાગ જ સેવાનો જીવનાધાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે સેવામાં ત્યાગ નથી હોતો તે સેવાનું જીવન શૂન્ય, કંગાળ છે; તે સેવા જ નથી.

સેવા કરવાની ઇચ્છા સૌ કોઈમાં હોવી જોઇએ અને પ્રત્યેક સેવા કરવાની ઇચ્છા રાખનાર પુરૂષ સ્વાર્થથી સર્વથા અલગ રહેવો જોઇએ. સેવાને જ પરમ સ્વાર્થ સમજવો જોઇએ. બીજો કોઇ પણ પ્રકારનો સ્વાર્થ સેવામાં કલંકરૂપ છે. સ્વાર્થી મનુષ્ય સાચી સેવા કદીપણ નથી કરી શકતો. તે તો પોતાના સ્વાર્થની સિદ્ધિ દેખતો હોય છે ત્યાં જ સેવાનો સ્વાંગ ધારણ કરે છે અને તે પણ જ્યાં સુધી સ્વાર્થસિદ્ધિની સંભાવના હોય છે ત્યાં સુધી જ. તેને સેવાની પરવા નથી હોતી, સ્વાર્થની જ હોય છે. એટલા માટે સ્વાર્થી મનુષ્ય સેવા નથી કરી શકતો.

સાચા સેવકને સેવા કરવામાં ડગલે ને પગલે આનંદ જ મળે છે. તે સમજે છે કે એનાથી મારા પ્રિયતમ આત્માને સુખ મળે છે અને પ્રિયતમના સુખને જ પોતાનું પરમ સુખ માનનાર એ પ્રેમી સેવક પ્રિયતમને સુખ આપવા ખાતર પોતાની ઉપર આવી પડનાર ભયાનકમાં ભયાનક કષ્ટની પરવા નથી કરતો ઊલ્ટું તે તો એ વિપત્તિને સુખ માનીને તેને માથે ચડાવે છે, હૃદયમાં લગાડે છે. તેનો એવો નિશ્ચય હોય છે કે જે કષ્ટ મારા પ્રિયતમના સુખનું સાધન છે તે જ વસ્તુતઃ મારે માટે સુખની સામગ્રી છે. એવી ભાવનાથી સંસારમાં જોવામાં આવે છે કે લોકો પોતાના પ્રિયતમ વિષયની ખાતર હસતે મોઢે પ્રાણના બલિદાન આપે છે. ભયંકર મૃત્યુને ભેટતી વખતે પણ તે સંતોષ અને આનંદ સાથે મરે છે અને પોતાની સાચી ભાવના અને મધુર મસ્તીની સુવાસથી બધાને મુગ્ધ કરે છે. એ પ્રિયતમ વિષય જુદી જુદી સ્થિતિ, રૂચિ અને ભાવના અનુસાર જુદો જુદો હોય છે. કોઇનો એ પ્રિયતમ વિષય ભગવાન હોય છે, કોઇનો ધર્મ, કોઇનો દેશ, કોઇનો ગરીબ જનતા અને કોઇનો કોઇ વ્યક્તિ વિશેષ. એવા મૃત્યુની તે લોકો ચાહના કર્યા કરે છે અને તેને જ પોતાનું સૌભાગ્ય સમજે છે. તેને પોતાના એ મનવાંછિત મોતમાં એટલો આનંદ મળે છે કે જ્યાં સાધારણ લોકો મૃત્યુનું નામ સાંભળીને કંપી ઊઠે છે ત્યાં તે હર્ષથી નાચવા લાગે છે અને આનંદની અધિકતાથી તેના શરીરમાં લોહી વધવા લાગે છે. એક વાત જરૂર ધ્યાનમાં રાખવી જોઇએ કે એમાંથી કોઇ પણ નિમિત્તને લઈને જે મૃત્યુ થાય છે તે સૌથી ઉંચી, નિર્દોષ અને ભવિષ્યમાં કલ્યાણકારી શુભ ગતિ આપનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. જ્યાં રાગદ્વેષ, વૈરવિરોધ તથા રોષદોષથી હૃદય ભરેલું રહે છે ત્યાં તેનું ફળ પણ તેવું જ હોય છે.

જે લોકો બદલો મેળવવાની ઇચ્છાથી સેવા કરે છે અને સેવા કરીને એનો બદલો ઇચ્છે છે તેની સેવા પણ સાચી સેવા નથી ગણાતી. એ તો મનોરથ સિદ્ધિનું એક સાધન છે. જે માણસ થોડી સેવાના બદલામાં મોટું ફળ ઇચ્છે છે તે સેવાનું મહત્ત્વ ઘટાડે છે. એવી સેવા કરવી જોઇએ કે જેનાથી સેવા કરવાની શક્તિમાં ખૂબ વધારો થાય. પ્રતિક્ષણે સેવાના ફળની ઇચ્છા કરનાર મનુષ્ય સેવ્યની આવશ્યકતા ભૂલી જાય છે. તે પોતાની આવશ્યકતા પૂરી કરવામાં રોકાઇ જાય છે. કોઇ વખત તો એની સેવા સેવ્યને દુ:ખ અને નુકશાન ઉપજાવનારી થઈ પડે છે જેનું પરિણામ સેવા કરનારને માટે પણ ખરાબ જ હોય છે.

સેવા તો એ જ છે કે જેમાં સેવ્યની નિર્દોષ ઇચ્છા અથવા રૂચિનું અનુસરણ હોય, પોતાની ઇચ્છાનું નહિ. માલીક એક વસ્તુ ઇચ્છે અને આપણે કંઇ બીજું કરીએ અને તેને સેવા માનીએ તો તે સેવા નથી ગણાતી. જે સેવક સ્વામીને સંકોચમાં નાંખીને પોતાનું હિત સાધવા ઇચ્છે છે તેની બુદ્ધિ અત્યંત નીચ હોય છે. સેવકનું કલ્યાણ તો સુખનો સઘળો લોભ છોડીને કેવળ સ્વામીની રૂચિને અનુકૂળ સેવા કરવામાં જ રહેલું છે, અને જે સેવક સ્વામીની આજ્ઞા સાંભળીને તે પ્રમાણે ન કરતાં તેનો ગમે તેમ જવાબ આપે છે તે સેવકને જોઇને લજ્જા પણ શરમાઈ જાય છે.

ભરતજી સાચા સેવક હતા. તેમણે રામચંદ્રની ઇચ્છાને માથે ચઢાવી અને વિયોગના અસહ્ય અગ્નિમાં ચૌદ વર્ષ સુધી બળવાનું સ્વીકારી લીધું અને રામચંદ્રની રૂચિને અનુકૂળ વર્તન કર્યું. તેથી કરીને સેવા તો એ જ છે કે જે સ્વામીને-સેવ્યને અનુકૂળ હોય, પરંતુ એનો અર્થ એવો નથી કે રોગીની સેવા કરનાર સેવક રોગીની ભ્રાન્ત રૂચિની ખાતર કુપથ્ય આપીને તેને મારી નાખે. એ દૃષ્ટિએ સાચી સેવા એ જ છે કે જેમાં સેવ્યનું હિત રહેલું હોય છે અને પરિણામે તેને સુખ મળે છે, એવી સેવાથી સેવકને તો સુખ મળે જ છે. કેટલીક વખત તો સેવ્યના હિતની પ્રબળ ઇચ્છાને લઇને બળાત્કારથી તેનાથી ઊલટું આચરણ કરીને તેની સેવા કરવામાં આવે છે.

સેવક હંમેશાં સાવધાન હોય છે. તે એવું કોઇ પણ કામ નથી કરતો કે જેનાથી સેવ્યને કાંઇ નુકશાન થાય અથવા પરિણામે એને દુ:ખ થાય. સાચા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવકની દૃષ્ટિ પણ એવી નિર્મળ થઇ જાય છે કે તેને પરિણામનું સાચું દૃશ્ય ઘણે ભાગે દેખાય છે. જ્યાં રાગ, દ્વેષ, સ્વાર્થ, અભિમાન અને ફળની કામના વગેરે દોષ હોય છે ત્યાં દૃષ્ટિ સાચું નથી દેખતી. સાચા સેવકમાં એ દોષોનો અભાવ રહે છે. જેથી કરીને તેની દૃષ્ટિ અનાવૃત હોવાને લઇને યથાર્થ જોઇ શકે છે.

સાચો સેવક નિષ્કામ તેમજ નિરભિમાન બનીને જ સેવા કરે છે. તે જેની સેવા કરે છે તેના ઉપર પોતાનો કશો અધિકાર નથી માનતો. તેની દ્વારા તેને ધન્યવાદ પ્રાપ્ત કરવાની કે કૃતજ્ઞતા મેલવવાની તેને કશી જરૂર નથી લાગતી. તે તો તેને પોતાની સેવાની વાત જાણવા પણ નથી દેતો. જો એવી સ્થિતિ નથી રહેતી અને પોતાની કરેલી સેવા પ્રકટ થઇ જાય છે તો તે વિનમ્રભાવે એમજ કહે છે કે ભગવાને તમને પ્રારબ્ધવશાત મળનાર સુખનો મને નિમિત્ત બનાવ્યો એ મારા પર તેની કૃપા છે અને આપ ભગવાનની પ્રેરણાથી થએલી મારી ચેષ્ટાઓને આપની સેવા સમજ્યા અને તેનો સ્વીકાર કર્યો તે માટે હું આપનો આભારી છું. તે માત્ર આમ બોલે છે એમ નથી હોતું પણ એમ માનતો જ હોય છે.

સાચો સેવક તો સેવા કરીને કદી પણ એમ નથી કહેતો કે મેં આપની કશી સેવા કરી છે, કેમકે સાચી સેવા આપણા સુખ ખાતરજ હોય છે જે સેવા કરતી વખતે જ સેવકને મળી રહે છે. તે કોઇ બીજાને ઉપકૃત કરવા માટે સેવા ધર્મનો સ્વીકાર નથી કરતો. પોતાના સુખને માટે પાલન કરેલો સેવાધર્મ સ્વાભાવિક રીતે જ બીજાને સુખ આપનાર હોય છે. સેવા કરનાર પોતાનું કે પરાયું નથી જોતો. તે તો જીવમાત્રની સેવા કરવી તે જ પોતાનો ધર્મ છે એમ માને છે. જ્યાં સેવાની આવશ્યકતા જણાય છે ત્યાં તે પોતાની પાસે જે કાંઇ સાધન હોય છે તેનીદ્વારા સેવા કરવા લાગે છે. તે એમ પણ નથી જોતો કે મારાથી શી સેવા થશે? તેને તો પોતાની શક્તિ પ્રમાણે સેવા કરવામાં જ આનંદ થાય છે. તે હિસાબ કરવામાં પોતાનો સમય નથી ગુમાવતો, પરંતુ તે એવું પણ નથી કરતો કે પોતાની સેવા દેખાડવા માટે કોઈ મોટી અથવા સારી સેવા કરનારની વચ્ચે પડીને પોતાની ક્ષુદ્ર ચેષ્ટાથી તેને હરકત પહોંચાડે છે. સહાયક થઇ શકાય તો થાય છે, બાધક તો નથી જ થતો; કેમકે તેને તો સેવા કરવી છે, સેવક કહેવડાવવાનો મોહ નથી. એવી સ્થિતિમાં તે જ્યાં પોતાની સેવાની આવશ્યકતા હોય છે ત્યાં જ તે લગાડે છે અને એમાં જ પોતાની સેવાની સાર્થકતા સમજે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવા કર્યા પછી પરિણામની અનુકૂળતા–પ્રતિકૂળતા જોઇને સેવક હર્ષ–શોકમાં નથી ડુબી જતો. તે ઈચ્છે છે કે ફળ સારૂં હોય, પરંતુ તે પોતાના હાથની વાત નથી એમ માનીને સંતોષ ધરે છે. આપણે એક રોગીની સેવા કરી, તે સારો થઈ જાય તો અત્યંત આનંદની વાત, પરંતુ આપણા અનેક પ્રયત્નો છતાં તે મરી ગયો તો તેવી સ્થિતિમાં પોતાની સેવા ફોગટ ગઇ એમ જાણીને ક્ષોભ ન કરવો જોઇએ. જો કે સફળતામાં હર્ષ અને વિફલતામાં વિષાદ થાય તે અજ્ઞાનને લઇને સ્વાભાવિક ગણાય છે, પરંતુ સાચી સેવામાં એવા હર્ષ–શોકને સ્થાન નથી. વસ્તુતઃ સેવકને સેવાના કાર્યમાંથી પુરસદ જ નથી મળતી કે તે અનુકૂળ–પ્રતિકૂળ પરિણામનો હર્ષ–શોક કરે. એને સેવા કરવામાં જ આનંદ છે અને સેવા ન કરવામાં જ શોક છે. સેવા કદીપણુ ફોકટ નથી જતી. સેવા કરતી વખતે સાચા સેવકને આનંદ જ મળે છે, એવું પણ ન માનવું જોઇએ કે આપણે જે મનુષ્યની સેવા કરી તે સેવાને યોગ્ય ન હોતો. એમ માનવાથી પશ્ચાત્તાપ થાય છે જેને લઇને ઉત્સાહમાં ઉણપ આવે છે. એમજ ધારવું જોઇએ કે સૌ ભગવાનસ્વરૂપ છે એથી કરીને સૌ આપણી સેવાને પાત્ર છે. આપણે તો આપણી શક્તિ અનુસાર કોઇની પણ સેવા કરવામાં આપણું અહોભાગ્ય માનવું જોઇએ.

પરમ સેવા તો એ છે કે જેના દ્વારા મનુષ્ય વિષયોના જંજાળથી છૂટીને શ્રી ભગવાન તરફ લાગી જાય છે. પહેલાં મનુષ્યે એવી સેવા કરવાને લાયક બનવું જોઇએ અને પછી પોતાના આચરણ, સ્વભાવ, વર્તન, પ્રેમ અને ચેષ્ટાદ્વારા જગત્‌ના જીવોને ભગવાન સન્મુખ કરવા જોઇએ. એટલું યાદ રાખવું જોઇએ કે ભગવત્પ્રાપ્તિમાં જ દુઃખોની હંમેશને માટે નિવૃત્તિ હોય છે અને નિત્ય નિર્વિકાર સનાતન પરમ સુખની પ્રાપ્તિ હોય છે. એ જ જીવનનું પરમ ધ્યેય છે. એ ધ્યેયની પ્રાપ્તિમાં જે સહાયક બને છે તે જ પરમ સેવા કરે છે.

ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના ૪૦ મો વાર્ષિક મહોત્સવ.

**સભાની વર્ષગાંઠનો મંગળમય દિવસ જેઠ શુદ ૭ અને પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જેઠ શુદ ૮ ના રોજ સભાએ ઉજવેલ જયંતિ.**

આ સભાને ચાલીશમું વર્ષ પૂરૂં થઇ જેઠ શુદ ૭ ના રોજ એકતાલીશમું વર્ષ બેસતું હોવાથી દર વર્ષ મુજબના કાર્યક્રમ અને ધોરણ અનુસાર નીચે મુજબ ધાર્મિક કાર્યો કરવામાં આવ્યા હતા.

૧ જેઠ શુદ ૭ શનીવારના રોજ આ સભાના મકાન ( આત્માનંદ ભવન ) ને ધ્વજા-તોરણ વગેરેથી શણગારી સવારના આઠવાગે પ્રથમ **પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદ-સૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજ**ની છબી પધરાવી સભાસદોએ પૂજન કર્યું હતું. ત્યારબાદ કલાક પછી નવ વાગે સભાના મકાનમાં પ્રભુ પધરાવી આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ મહારાજકૃત શ્રી પંચતીર્થની પૂજા ભણાવવામાં આવી હતી. ત્યારબાદ વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ તરફથી સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

તે જ દિવસે સાંજે ક. ૫-૩૦ ની ટ્રેનમાં દરવર્ષ મુજબ પ્રાતસ્મરણીય આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજશ્રીની જયંતિ જેઠ શુદ ૮ રવિવારના રોજ ઉજવવાની હોઇ શ્રી સિદ્ધાચળજી ( પાલીતાણા ) શુમારે સાઠ સભાસદ બંધુઓ ગયા હતા

૨ જેઠ શુદ ૮ રવિવારના દિવસે શ્રી સિદ્ધાચળજી ઉપર **શ્રી આદીશ્વર પ્રભુના મંદિરના ચોકમાં** શ્રી નવાણું પ્રકારી પૂજા બહુ જ આનંદ અને ઉત્સાહપૂર્વક ભણાવવામાં આવી હતી. તથા દેવગુરૂની **આંગી** રચવામાં આવી હતી અને બપોરના સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. એ રીતે દેવભક્તિ તથા ગુરૂભક્તિ કરવામાં આવી હતી.

—○—

# સ્વીકાર અને સમાલોચના.

૧ **શ્રી બૃહત્ જીવનપ્રભા તથા આત્મોન્નતિ વચનામૃતો:**–આચાર્યશ્રી વિજયકેશરસૂરીશ્વરનું જીવનવૃતાંત વિસ્તારપૂર્વક ઉપાધ્યાયજી (હાલના આચાર્ય) શ્રી દેવવિજયજી મહારાજે લખેલું આ બુકમાં આપવામાં આવેલ છે. આ જીવનવૃતાંત તેમના જીવનપર્યંત પરિચિત ગુરૂભાઇને હાથે જ લખાયેલ હોવાથી તેમજ તે મહાપુરૂષ પણ યોગાભ્યાસી અને વિદ્વાન હોવાથી અનુમોદનીય બને તે સ્વાભાવિક છે. પાછળ આચાર્ય મહારાજના અનુભવિત વચનામૃતો આપેલા છે જે મનનીય છે. ચરિત્ર મનનપૂર્વક વાંચવા જેવું છે. કિંમતરૂા. ૧–૮–૦

૨ **યોગદૃષ્ટિ સમુચ્ચય** ( ભાષાંતર ) મૂળ સાથે આ બુકમાં પ્રગટ થયેલ છે. લેખક મહોપાધ્યાય શ્રી દેવવિજયજી મહારાજ છે. લેખ સરલ અને સાદી ગુજરાતી ભાષામાં હોવાથી વાંચકને સહજ સમજાય તેવું છે. કિંમત રૂા. ૧–૪–૦ બંને બુકો પ્રસિદ્ધકર્તા–શ્રી વિજયકમળકેશર ગ્રંથમાળા તરફથી શાહ હીરાચંદ મગનલાલ–ખંભાત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૩ પૂર્વસૂરિસંગ્રહિત મહાભારત તત્ત્વસાર અને વ્યાખ્યાન વિવિધ વિષય ગ્રંથ:**—સંશોધક અનુયોગાચાર્ય **પં. શ્રી પ્રીતિવિજયજી** ગણિવર. પૂર્વસૂરિસંગ્રહિત હસ્તલિખિત પ્રત ઉપરથી સંશોધન કરી પ્રગટ કરવામાં આવેલ છે. વ્યાખ્યાન કરનાર મુનિરાજ અને વક્તાઓને ખાસ ઉપયોગી આ ગ્રંથ છે. વૈરાગ્યમયી આ ગ્રંથ હોવાથી પણ વાંચવા જેવો છે. પ્રકાશક શાહ ડાહ્યાભાઇ મહોકમલાલ પાંજરાપોળ–અમદાવાદ.

**૪ સ્નાત્રપૂજા:**—સંગ્રાહક **શ્રી અનોપચંદજી** મહારાજ. શ્રી દેવચંદજીકૃત વિધિ સહિત સ્નાત્રપૂજા આ બુકમાં છપાવવામાં આવેલ છે. ભાષા હિંદી હોવાથી મારવાડ, મેવાડ વિગેરે માટે ખાસ ઉપયોગી છે. પ્રકાશક શ્રી વર્દ્ધમાન જ્ઞાનમંદિર ઉદેપુર. કિંમત રૂા. ૦–૧–૩

**૫ શ્રી મહાવીર જૈન વિદ્યાલય:**—( ૨૦ મો વાર્ષિક રિપોર્ટ ) પ્રસિદ્ધકર્ત્તા સેક્રેટરીઓ:–મોતીચંદ ગિરધરલાલ કાપડિયા તથા ચંદુલાલ સારાભાઇ મોદી. વિસ્તારપૂર્વક રિપોર્ટ, આવક જાવક ખર્ચ, વિદ્યાર્થીઓની કાર્યવાહી, અભ્યાસ વિગેરે આપવામાં આવેલ છે. મુંબઇ ઇલાકામાં ઉચ્ચ કેળવણી જૈન વિદ્યાર્થીઓને લેવા માટે એક જ સંસ્થા છે અને તેનું પરિણામ સારૂં દેખાતું હોવા છતાં તેની સંપૂર્ણ આવશ્યકતા પૂરી થતી નથી. જૈન સમાજે તેની તમામ જરૂરીયાત પુરી પાડવાની જરૂર છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

**૬ આર્હત્ જીવન જ્યોતિ ( ચોથી કિરણાવલી ) સચિત્ર.**—પ્રયોજક અને સંપાદક પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. પ્રકાશક બાબુશ્રી જીવનલાલ પનાલાલ. કિંમત સાત આના. ઉત્તરોત્તર ચડીયાતી થતી જતી આ ચોથી કિરણાવલી અમોને અભિપ્રાય માટે ભેટ મળેલ છે. તે ચલાવવાની શરૂઆત બાબુ શ્રી પનાલાલ પી. જૈન હાઇસ્કુલમાં પાઠ્ય પુસ્તક તરીકે શિખવવાની શરૂઆત થઈ ચુકી છે. આવી સીરીઝ ( પાઠ્ય પુસ્તક માટે ) શાળાઓને ઉપયોગી થાય તેની જે જરૂર હતી તે પ્રકાશક મહાશયે પોતાના ખર્ચથી વિદ્વાન સંપાદક પાસે તૈયાર કરાવી તેની શરૂઆત કરાવી તે તો આવકારદાયક છે. એક વસ્તુને મૂળથી શરૂઆત કરવી તે કઠિન કાર્ય છે, પરંતુ તે વસ્તુ અનેક બુદ્ધિગમ્ય વિચારક અને તેના નિષ્ણાતની સૂચના અભિપ્રાયોવડે તે સમાજ ઉપયોગી બને છે. એટલા માટે દરેક કિરણાવલીના માટે આવેલ સુચના અભિપ્રાયો પણ પ્રકટ થવાની જરૂર અમો ધારીયે છીયે. પ્રકટ થયા પછી અભિપ્રાય અપાય છે, પરંતુ પ્રકટ થતાં પહેલાં જે જે સૂચનાઓ સંપાદક મહાશયને મળેલ હશે તે પ્રમાણેજ ઘણે ભાગે તે તે કિરણાવલી પ્રગટ થતી હોય તે સ્વાભાવિક છે. કિંમત સાત આના કંઇ વિશેષ છે. કાગળ અને છાપકામ જોઇએ તેવું સુંદર છે.

**૭ શ્રી સુરત ધરમચંદ ઉદયચંદ જૈન જીર્ણોદ્ધાર ફંડ**—સં. ૧૯૮૮–૮૯–૯૦–૯૧ સુધીનો રિપોર્ટ હિસાબ. પ્રકાશક શેઠ જીવણચંદ ધરમચંદ ઝવેરી. તેત્રીશ વર્ષથી આ ખાતું વ્યવસ્થિત રીતે ચાલે છે અને તેના કાર્યવાહકો રિપોર્ટ પ્રકટ કરે છે જેથી ઘણી મોટી રકમનો જીર્ણોદ્ધારખાતે તેનો સદ્વ્યય થાય છે. હિસાબ પણ રીતસર છે. આ ખાતું વિશેષ પ્રમાણમાં તે રીતે સદ્વ્યય કરે તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ श्री पार्श्वनाथाय नमः ॥

## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરનો

# રિપોર્ટ.

## (સં૦ ૧૯૯૧ ના કાર્તિક સુદ ૧ થી ૧૯૯૧ ના આસો વદિ ૦)) સુધીનો)

[ ૩૯મા વર્ષનો. ]

ગયા વર્ષનો આ રિપોર્ટ આપની સમક્ષ રજુ કરતાં અમોને આનંદ થાય છે; કે જે ગયા ફાગણ વદી ૨ મંગળવાર તા. ૧૦–૩–૧૯૩૬ ની મળેલી જનરલ મીટીંગમાં આવતાં વર્ષના બજેટ વગેરે સાથે પસાર થયેલ છે. ) જે મહાન પરિવર્તન કાલમાંથી અત્યારે ભારતવર્ષની પ્રજા પસાર થઇ રહી છે, થાય છે તેની થોડીઘણી અસર આપણી સમાજને ( આપણને સૌને ) પણ થયા વગર રહી નથી. આમ છતાં પ્રગતિના પંથે જવાનો રસ્તો એ જ છે કે આપણી સમાજે અત્યારે મુખ્યત્વે જૈન સાહિત્ય પ્રચાર ( જ્ઞાનોદ્ધાર ) અને ધાર્મિક વ્યવહારિક બંને પ્રકારની કેળવણીના કાર્યો પ્રથમ હાથ ધરવા જોઇએ. આવી સંસ્થાઓનું તો મુખ્ય કર્તવ્ય પણ તે જ હોવું જોઇએ. આ સભાએ ગુરૂભક્તિ સાથે ૩૮ વર્ષમાં તેવાં પ્રગતિના શું શું કાર્યો કર્યા છે, તેની હકીકત આગલા રિપોર્ટોમાં જણાવેલ છે ત્યારે અહિં તો ગયા વર્ષમાં તેના ઉદ્દેશો સાચવી કાર્ય કરતાં આ સભા કેટલી વિશેષ પ્રગતિમાન થઇ તે જ હકીકત સંક્ષિપ્તમાં આપની સમક્ષ રજુ કરીએ છીએ.

**ઉદ્દેશ અને હેતુ**--આ સભાનું સ્થાપન સં. ૧૯૫૨ ના બીજા જેઠ સુદ ૨ ના રોજ સ્વર્ગવાસી ગુરૂરાજ **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** મહારાજના નામસ્મરણાર્થે–ગુરૂભક્તિ નિમિત્તે કરવામાં આવ્યું છે.

**ઉદ્દેશ–જૈન** બંધુઓ ધર્મસંબંધી ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરે તેવા ઉપાયો યોજવા, ધાર્મિક અને વ્યવહારિક કેળવણીની વૃદ્ધિ માટે યથાશક્તિ પ્રયાસ કરવા, જૈન ધર્મના અત્યુપયોગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથો, આગમો, મૂળ, ટીકા, અવચૂરિ તેમજ ભાષાંતરના પ્રગટ કરી ભેટ, ઓછા મૂલ્યે કે મુદ્દલ કિંમતે આપી જ્ઞાનનો બહોળો ફેલાવો ( સાહિત્યપ્રચાર ) કરી જૈન સાહિત્યની અભિવૃદ્ધિ તથા સેવા કરવા, એક જૈન વિવિધ સાહિત્યનું જ્ઞાનમંદિર કરવા અને તેનાથી દરેકને લાભ સર્વરીતે આપવા, ફ્રી (મફત) વાંચનાલય, લાઇબ્રેરીથી જનસમાજને વાંચન પૂરું પાડવા અને અન્ય જૈન લાઇબ્રેરીને યથાશક્તિ સહાય કરવા વગેરે અને એવા બીજા જૈન શાસનની સેવાના દરેક કાર્યોમાં યથાશક્તિ ઉદ્યમ કરી સ્વપરજ્ઞાનવૃદ્ધિ કરવા વિગેરેથી આત્મોન્નતિ કરવાનો છે.

**બંધારણ—પેટ્રન સાહેબ, પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, બીજા વર્ગના લાઇફ મેમ્બરો અને વાર્ષિક મેમ્બરો** ચાર પ્રકારનું છે. અને સભાસદ બંધુઓના હકો, ફરજ અને સભા તરફથી મળતો આર્થિક, વ્યવહારિક, ધાર્મિક લાભ આ રીપોર્ટમાં સંક્ષિપ્તમાં આપવામાં આવેલ છે અને તેના લગતા ધારાધોરણ તેમ જ સભાની કાર્યવ્યવસ્થા વિગેરેને લગતા ધારા, તેમ જ તેમાં જે છેલ્લી જનરલ મીટીંગમાં સુધારોવધારો થયેલ છે તે સાથે જુદી બુકમાં છપાવવામાં આવેલ છે.

## જનરલ કમીટી—કુલ સભાસદો.
### ( તેમાં દિવસાનુદિવસ થતી વૃદ્ધિ. )

આ સભામાં ચાર વર્ગમાં થઇ સં. ૧૯૯૦ની આખર સુધી કુલ ૩૭૮ સભાસદો હતા. તેમાં સં. ૧૯૯૧ ના આસો વદિ ૦)) સુધીમાં ( પાંચ સભ્યોનો સ્વર્ગવાસ થયો, ફી નહિ આપવાથી બે સભ્યો કમી થયા અને દસ સભ્યો નવા વધ્યા જેમાં પેટ્રન સાહેબો ૨, પહેલા વર્ગના લાઇફ મેમ્બરો ૧૧૦, બીજા વર્ગના લાઇફ મેમ્બરો ૩૩૩, વાર્ષિક મેમ્બરો ૧૯, *બીજા વર્ગના વાર્ષિક મેમ્બરો ૧૭ અને *ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો ૧૨) કુલ મળી ૩૮૧ સભાસદો છે. જેમાં અહિંના ૧૨૫ તેમ જ બહારગામના ૨૫૬ છે. જેઓ શ્રીમંતો, આગેવાનો, વિદ્વાનો અને સાથે કેટલાક ગામના શહેરની પાઠશાળા, કન્યાશાળા, પુસ્તકાલયો, જ્ઞાનભંડાર તે ગામના શ્રી સંઘ અને સુશીલ બ્હેનો પણ છે, જે સભાની મહત્ત્વતામાં વધારો કરે છે. આ સિવાય પેટ્રન સાહેબ અને કેટલાક નવા સભાસદો આ સાલમાં વધ્યા છે, તેની હકીકત હવે પછીના રિપોર્ટમાં આવશે. નવા થતાં સભાસદોના નામો તે વખતે જ શ્રી આત્માનંદ પ્રકાશ માસિકમાં પ્રકટ કરવામાં આવે છે.

અમારે આનંદપૂર્વક જણાવવું જોઈએ અત્યાર સુધીમાં આ સભાના સભાસદોને સભા તરફથી પ્રગટ થયેલા ગ્રંથો વિવિધ સાહિત્યોના પ્રથમથી જ અનેક સંખ્યામાં કુલ હજારો રૂપીયાની કિંમતના ધારા પ્રમાણે ભેટ આપવામાં આવેલ છે, જે પ્રમાણે કોઇપણ સંસ્થા આપી શકેલ નથી. સભાએ ઉદાર ભાવનાથી સભાસદોને ગ્રંથો ભેટ આપવાનું આ કાર્ય રાખેલ છે તે કાર્ય કાયમ શરૂ જ છે.

---

*કેટલાક વખતથી ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર અને બીજા વર્ગના વાર્ષિક મેમ્બરોનો વર્ગ સભાએ કમી કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મેનેજીંગ કમીટી.

## ( સંવત્ ૧૯૯૨ ના ફાગણવદ ૨ મંગળવારના રોજ નવી નિમાયેલ છે તે. )

### પ્રમુખ.

શેઠ શ્રી ગુલાબચંદ આણંદજી.

### ઉપપ્રમુખ.

૧ સંઘવી નાનચંદ કુંવરજી. ૨ શાહ દામોદરદાસ દીવાળજી.

### સેક્રેટરીઓ.

૧ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. ૨. શેઠ હરજીવનદાસ દીપચંદ.

### ટ્રેઝરર.

શેઠ અમૃતલાલ છગનલાલ.

### સભાસદો.

૧. શાહ ફતેહચંદ ઝવેરચંદ.
૨. શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી.એ.
૩. શેઠ દેવચંદ દામજી.
૪. શાહ ગુલાબચંદ લલ્લુભાઈ.
૫. શાહ જાદવજી ઝવેરભાઇ.
૬. શાહ દીપચંદ જીવણભાઇ બી.એ.બી.એસ.સી.
૭. શેઠ નેમચંદ ગિરધરભાઇ.
૮. સંઘવી અમરચંદ ધનજીભાઇ.
૯. શાહ નગીનદાસ ઉત્તમચંદ.
૧૦. ભાવસાર હેમચંદ ગાંડાલાલ.

---

## કાર્યો—

**લાયબ્રેરી-ફ્રી વાંચનાલય**—આ વાંચનાલયમાં સાત વર્ગો નીચે પ્રમાણે છે. લખેલી પ્રતોનો ભંડાર પણ જુદો છે. ન્યુસપેપરોમાં દૈનિક, અઠવાડિક, પખવાડિક, માસિક, ત્રિમાસિક થઇ કુલ નંગ ૫૨) સારા સારા આવે છે. જૈન અને જૈનેતર ભાઇઓ નિરંતર બહોળી સંખ્યામાં લાભ લે છે. કક્કાવારી પ્રમાણે વાચકોની સુગમતા ખાતર તમામ બુકોનું લીસ્ટ પ્રકટ કરવામાં આવ્યું છે. ત્યારબાદ વધેલ પુસ્તકોની પુરવણી કરવાની છે.

સંવત ૧૯૯૧ ની આખર સાલ સુધીમાં કુલ પુસ્તકો ૯૮૦૦) રૂા. ૧૩૪૮૫–૩–૦ ના થયા છે, જે કુલ પુસ્તકો તેની કિંમત સાથે નીચે પ્રમાણે આપવામાં આવેલ છે. ત્યારબાદ વધેલા પુસ્તકોની હકીકત હવે પછી રિપોર્ટમાં આપવામાં આવશે.

વર્ગ ૧ લો જૈન **ધર્મના છાપેલા પુસ્તકો**. કુલ ૨૬૦૫ કિં. રૂા. ૩૨૬૦–૦–૦

વર્ગ ૨ જો જૈન **ધર્મના આગમો છાપેલા**. કુલ ૧૪૩. કિં. રૂા. ૧૧૨૩–૫–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ગ ૩ જો **જૈન ધર્મની હસ્તલિખિત પ્રતો** કુલ ૧૫૨૨. શુમારે પચીશ હજાર રૂપીયાથી વધારે કિંમતની.

વર્ગ ૪ થો **સંસ્કૃત છાપેલા ગ્રંથો** કુલ ૪૦૫ કિં. રૂા. ૧૨૨૩-૮-૦

વર્ગ ૫ મો **નીતિ નોવેલ વિવિધ** સાહિત્ય, હિંદી વગેરે કુલ ૩૯૧૦ કિંમત. રૂા. ૫૦૦૪-૬-૬.

વર્ગ ૬ ઠ્ઠો **અંગ્રેજી પુસ્તકો** કુલ ૧૯૫ કિં. રૂા. ૫૦૪-૧૦-૬.

વર્ગ ૭ મો **માસિકની ફાઇલ** અને **દિવાળી**ના ખાસ અંકો કુલ ૧૦૨૦ કિં. રૂા. ૨૩૬૯-૫-૦

સાતે વર્ગમાં કુલ પુસ્તકો ૯૮૦૦) રૂા. ૧૩૪૮૫-૩-૦ કિંમતના છે. અને ત્રીજા વર્ગની લખેલી પ્રતોની કિંમત શુમારે પચીશ હજાર રૂપીયા કરતાં વધારેની ગણી શકાય, તે જુદી છે.

લાઇબ્રેરીની સુવ્યવસ્થા માટે યુરોપીયન વિદ્વાનો **જરમન પ્રોફેસર સુબ્રીંજ સાહેબ, મીસ ક્રોંઝે,** શ્રી ગાયકવાડ સરકારની સેન્ટ્રલ લાઇબ્રેરીના આ. કયુરેટર **સાહેબ મોતીભાઈ આમીન** અને ગઇ સાલ આ સભાની વીઝીટ લેવા પધારેલ બનારસ સેન્ટ્રલ હિંદુ કોલેજના આ. પ્રીન્સીપાલ પ્રોફેસર **આનંદશંકર બાપુભાઇ ધ્રુવ સાહેબ** અને ભાવનગર સ્ટેટ કાઉન્સીલના પ્રેસીડન્ટ **નામદાર પટ્ટણી સાહેબ** વગેરે અનેક જાહેર પુરૂષોએ આ વ્યવસ્થિત લાઇબ્રેરી માટે ઉંચા અભિપ્રાય આપવા સાથે પ્રશંસા કરેલ છે. આ શહેરમાં આવી બીજી જાહેર લાઇબ્રેરી એક પણ નથી. હજી વિશેષ પ્રગતિ માટે પ્રયત્નો શરૂ છે.

**અન્ય જૈન લાઇબ્રેરીઓને સહાય**—સ્વર્ગવાસી મુનિરાજ શ્રી **લબ્ધિવિજયજી** મહારાજે પોતાના પુસ્તકનો સંગ્રહ આ સભાને તેનો સદ્વ્યય થવા ભેટ આપ્યો હતો; જે સભાની લાઇબ્રેરીમાં તે તે ગ્રંથો હતા, જેથી આચાર્ય શ્રી **વિજયવલ્લભસૂરિજી મહારાજની આજ્ઞા** અને ઉપદેશથી પુના શ્રી આત્માનંદ જૈન લાઇબ્રેરી ( જે થોડા વખતથી સ્થાપન થયેલ છે ત્યાં સારો લાભ લેવાતો હોવાથી ) ઉપરોક્ત મુનિરાજના તે પુસ્તકોનો બધો સંગ્રહ તેનો સદ્વ્યય થવા પૂના આ સભા તરફથી ભેટ મોકલવામાં આવ્યો છે.

---

**૨. સભાનું વહિવટી-નાણા પ્રકરણીય** ખાતું:-સભાનો વહીવટ સહજ રીતે સમજી શકાય તે માટે જુદા જુદા તેર ખાતાઓથી ચલાવવામાં આવે છે, જેથી ઉપજ ખર્ચ જાણવામાં આવી શકે. તે સરવૈયા સાથે પાછળ આપવામાં આવેલ છે.

---

**૩. જૈન સાહિત્ય પ્રકાશન ખાતું:-વિવિધ જૈન સાહિત્ય અને જ્ઞાનોદ્ધારના પ્રચાર માટે પ્રાચીન સંસ્કૃત, માગધી, મૂળ ટીકાના ગ્રંથો તથા જૈન ઐતિહાસિક ગ્રંથો, જૈન આગમો, કર્મવિષયક ગ્રંથો, ગુજરાતી ભાષાંતરના ગ્રંથો**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વગેરેનું પ્રસિદ્ધ કરવાનું બહોળી સંખ્યામાં શરૂ રહેલ કાર્ય.** આ પાંચ પ્રકારે સાહિત્ય પુસ્તક પ્રકાશન ખાતું સભા કરે છે.

૧ **શ્રી આત્માનંદ જૈન ગ્રંથ રત્નમાળા** જેમાં સંસ્કૃત, પ્રાકૃત, માગધી મૂળ ટીકાના ગ્રંથો પ્રકટ થાય છે.

૨ પ્રવર્તકજી **શ્રી કાંતિવિજયજી જૈન** ઐતિહાસિક ગ્રંથમાળા. જેમાં ઇતિહાસિક ગ્રંથોનું પ્રકાશન થાય છે.

૩ **શ્રી આત્મારામજી શતાબ્દિ સીરીઝ**-શ્રી શતાબ્દિ મહોત્સવના સ્મરણ નિમિત્તે જેમાં પ્રાચીન સંસ્કૃત પાકૃત યા ગુજરાતી ભાષાના ગ્રંથો પ્રસિદ્ધ થાય છે.

૪ **સાધુ સાધ્વી મહારાજ તથા જ્ઞાનભંડારોને ખાસ ભેટ** માટેનું પ્રકાશન ખાતું.

૫ **સભા તરફથી પ્રકટ** થતા સભાની માલેકીના ગ્રંથો. તથા **જૈન** બંધુઓ તરફથી **સીરીઝ તરીકે** પ્રગટ **થતાં** ગ્રંથો અને **આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ** અપાતા **ગ્રંથો**. તે સર્વ પેટ્રન **સાહેબો અને** લાઇફ મેમ્બરોને અત્યાર સુધી ધારા પ્રમાણે બધા ગ્રંથો ભેટ આપવામાં આવ્યા છે અને અપાય છે સંસ્કૃત માગધી પ્રગટ થાય તો તેના અભ્યાસીને, લાઈફ મેમ્બરો મંગાવે તેને તે પણ ભેટ આપવામાં આવ્યા છે.

સભા તરફથી પ્રગટ થતા ગ્રંથો મુદ્દલ કિંમતે કે ઓછી કિંમતે સીરીઝના ગ્રંથો ધારા પ્રમાણે કિંમતથી અન્યને આપવામાં આવે છે.

અત્યાર સુધીમાં ઉપરોક્ત જણાવેલ ગ્રંથો સભાસદોને ભેટ આપવામાં આવેલ ગ્રંથોની તેઓ સાહેબ એક લાઇબ્રેરી કરી શકયા છે.

અત્યાર સુધીમાં મુનિ મહારાજો, જ્ઞાનભંડારો, પાશ્ચિમાત્ય વિદ્વાનો અને સંસ્થાઓને કુલ મળી રૂા.૨૦૦૮૬--૩ ૦ગ્રંથો તો સભાએ (તદ્દન ફ્રી) ભેટ આપેલા તે જુદા છે. અડધી અલ્પ કે ઓછી કિંમતે આપેલા તે જુદા છે. લાઇફ મેમ્બરોને અત્યાર સુધીમાં આપેલા ગ્રંથોની પણ હજારોની સંખ્યાની મોટી રકમ છે તે જુદી છે. અમારા ધારવા પ્રમાણે હિંદુસ્તાનની કોઇપણ જૈન સંસ્થાએ આટલું અને આવું સુંદર સાહિત્યપ્રચારનું કાર્ય અને ભેટનું કાર્ય કરેલ નથી. તે થવાનું કારણ ગુરૂકૃપા હોવાથી અમોને આનંદ થાય છે. હજુ તેવું જ પ્રકાશન અને ભેટનું કાર્ય સંયોગ પ્રમાણે ચાલુ છે અને ચાલુ રહેશે, જેથી આ સભાની પ્રતિષ્ઠા, ગૌરવ અને જ્ઞાનભક્તિમાં પ્રશંસા સાથે વધારો થતો જાય છે. ગયા વર્ષમાં શ્રી બનારસ હિંદુ સેન્ટ્રલ કોલેજના આ પ્રીન્સીપાલ પ્રોફેસર **શ્રીયુત્ આનંદશંકર બાપુભાઇ** ધ્રુવ સાહેબ જેવા સાક્ષરો અને અત્રે રાજ્યની સ્ટેટ કાઉન્સીલના પ્રેસી. સાહેબ **નામદાર પ્રભાશંકરભાઇ પટ્ટણી સાહેબે** સભાએ પધારી સાહિત્ય પ્રકાશનખાતું નજરે જોઇ ઘણા ખુશી થયા હતા. અને બીજા દિવસે પ્રજાની જાહેર મીટીંગમાં સભાના પ્રકાશ થતાં પ્રાચીન સાહિત્ય માટે મહેરબાન ધ્રુવ સાહેબે મુક્તકંઠે વખાણ કર્યા હતા, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનારસ કોલેજની લાઇબ્રેરી માટે ભેટની માગણી કરતા સભાએ તેનો સ્વીકાર કર્યો હતો. જેટલા જેટલા પાશ્ચિમાત્ય વિદ્વાનો દર્શનશાસ્ત્રના અભ્યાસીઓ અત્રે આવ્યા છે તેઓ પ્રગટ થયેલ પ્રાચીન સાહિત્ય જોઇ ખુશ થયા છે. અભિપ્રાય લખી ગયા છે.

૧ શ્રી આત્માનંદ જૈન રત્નગ્રંથમાળા–સં. ૧૯૯૧ની આખર સાલ સુધીમાં પ્રાકૃત સંસ્કૃત, મૂળ, ટીકા વગેરે વિવિધ વિવિધ સાહિત્ય અને આગમોના મળી કુલ ૮૩ ગ્રંથો પ્રકટ થયા છે. નવા ગ્રંથોનું કાર્ય નીચે પ્રમાણે શરૂ છે.

નવા પ્રકાશનોમાંથી **વસુદેવહિંડિનો ત્રીજો ભાગ, બૃહત્ કલ્પસૂત્રનો બીજો, ત્રીજો અને ચોથો ભાગ** થોડા વખતમાં પ્રગટ થશે. **કર્મગ્રંથ ૫મો તથા ૬ઠ્ઠો** છપાય છે. એ અને બીજા કાર્યોની યોજના શરૂ છે. **હાલ શુમારે એક લાખ શ્લોક** પ્રમાણનું કાર્ય સંશોધક...પ્રેસ કોપી અને છપાતું શરૂ છે વગેરે.

૨ **પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી ગ્રંથમાળાના સાત ગ્રંથો** પ્રકટ થઇ ગયા છે. હાલ તે કામો સંયોગવશાત્ મુલતવી રહેલ છે.

૩ **શ્રી આત્મારામજી જન્મ શતાબ્દિ સીરીઝ ગ્રંથમાળા** તરફથી નીચેના કેટલાક ગ્રંથો પ્રગટ થયા છે, કેટલાક નિર્ણયસાગર પ્રેસ–મુંબઇમાં છપાય છે અને બીજા નવા ગ્રંથોની યોજના શરૂ છે.

૧ શ્રી **વીતરાગ મહાદેવ** સ્તોત્ર મૂળ કિંમત રૂા ૦–૨–૦
૨ શ્રી **પ્રાકૃત વ્યાકરણ** અષ્ટમ અધ્યાયી સૂત્રપાઠ રૂા ૦–૪–૦
૩ શ્રી **વીતરાગ મહાદેવ** સ્તોત્ર મૂળ સાથે ભાષાંતર રૂા ૦–૪–૦
૪ શ્રી **વિજયાનંદસુરિશ્વરજી** જીવનચરિત્ર રૂ° ૦–૮–૦
૫ શ્રી **નવસ્મરણાદિ સ્તોત્રસંદોહ** રૂા ૦–૪–૦
૬ શ્રી **ચારિત્ર પદ**–પંચતીર્થ અને શ્રી પંચપરમેષ્ટી પૂજા રૂા ૦–૨–૦
૭ **શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર** દશ પર્વો મૂળ મૂળ ૮ **ધાતુપરાયણ**
૯ **વૈરાગ્યકલ્પલતા** ( શ્રી યશોવિજયજીકૃત પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકા વૃત્તિ )

આ સીરીઝના નંબર ૪ શ્રી આત્મારામજી જીવનચરિત્ર ગ્રંથ આ સભાના દરેક સભાસદોને આચાર્ય શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી**ની આજ્ઞા અને મુનિરાજ શ્રી **ચરણવિજયજી** મહારાજની શુભ ઇચ્છાથી ભેટ આપવાનો છે અને તે પ્રમાણે હવે પછીના આ સીરીઝના છપાતા ગ્રંથો પણ આ સભાના સભ્યોને તેવીજ ઉદારતા બતાવી ભેટ આપવાની બંને મહાત્માઓને વિનંતિ કરી યે છીએ. આ રીતે આ સભાના સભાસદ થનાર જૈન બંધુઓ, બ્હેનોને આર્થિક દ્રષ્ટિએ પણ અપરિમિત લાભ છે. શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળાના ( ગુજરાતી ) વગેરે ગ્રંથો તથા જૈન બંધુઓ તરફથી ધારા પ્રમાણે પ્રગટ થતી ગ્રંથમાળા વગેરે મળી સંવત્ ૧૯૯૧ ની આખર સાલ સુધીમાં ૭૨ ગ્રંથો પ્રગટ થયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હાલમાં પ્રગટ થયેલા નવા ગ્રંથો.

૧. શ્રી **શત્રુંજય ઉદ્ધાર યાને સમરાશાહ.** કપાશી મેઘજી ઝવેરભાઈ તરફથી આર્થિક સહાયવડે.

૨. શ્રી **શત્રુંજય વર્ત્તમાન ઉદ્ધાર** અને કર્માશાહનું જીવનચરિત્ર. શેઠ હેમચંદ મંગળચંદની આર્થિક સહાયવડે.

૩. **શ્રીપાળ રાજાનો રાસ.** વારૈયા ધરમશી ઝવેરભાઇ ત્રાપજ (સીરીઝના ગ્રંથ તરીકે) ની આર્થીક સહાયવડે.

૪. પંચ પ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત. સલોત જગજીવનદાસ ફુલચંદ. તેમના પીતાશ્રીના સ્મરણાર્થે સીરીઝના ગ્રંથ તરીકે.

આ સાલ ( સંવત્ ૧૯૯૨ )માં પ્રકટ થયેલ ગ્રંથોની સીરીઝ તરીકેની હકીકત હવે પછી જણાવવામાં આવશે.

### છપાય છે.

૫. શ્રી મહાવીર ચરિત્ર ( ભાષાંતર ) શ્રી ગુણચંદ્રસૂરિકૃત શેઠ માણેકચંદ જેચંદભાઈની સીરીઝના ગ્રંથ તરીકે ( આર્થિક સહાયવડે. )

ઉપર પ્રમાણે સહાય આપનાર બંધુઓનો આભાર માનવામાં આવે છે.

જ્યારે જ્યારે ગ્રંથો પ્રસિદ્ધ થાય છે ત્યારે ત્યારે તેની જાહેર ખબર શ્રી આત્માનંદ પ્રકાશમાં અપાય છે અને વધારે સંખ્યા (ચાર-પાંચ) તૈયાર થાય ત્યારે અમારા માનવંતા લાઇફ મેમ્બરોને પ્રથમ સૂચના અને પછી ભેટ મોકલવામાં આવે છે.

### જૈન ગૃહસ્થો તરફથી પ્રકટ થતી સીરીઝ ગ્રંથમાળાઃ—

સંવત્ ૧૯૯૦ સુધીમાં ૧૫ ગૃહસ્થો તથા બહેનો તરફથી સીરીઝના ધારા પ્રમાણે રકમ આવતાં જે જે ગ્રંથો પ્રકટ થયા છે તેની નોંધ અગાઉ આપવામાં આવેલ છે. નવી રકમો સીરીઝ માટેની આવેલ જે ઉપર બતાવેલ નંબર ૩-૪-૫ માં છે તે તે ઉદાર નરરત્નો તરફથી આવેલી છે; માટે તેઓનો આભાર માનવામાં આવે છે.

ઉપર પ્રમાણે સીરીઝના ગ્રંથો પણ વધારે પ્રમાણમાં પ્રકટ થતાં હોવાથી જૈન સાહિત્યની અભિવૃદ્ધિ સાથે આ સભામાં થતા લાઇફ મેમ્બરોને પણ બહોળા પ્રમાણમાં તેટલો લાભ મળે છે, જેથી હવે પછી સસ્તા સાહિત્યનો બહોળો પ્રચાર સભા કરી શકશેતે નિઃસંદેહ છે.

---

૪ **ધાર્મિક અને વ્યવહારિક કેળવણીને ઉત્તેજન**—દર વર્ષે રૂા. ૩૦૦) જૈન વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તરીકે, રૂા. ૧૨૫) શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને મદદના મળી શુમારે સવાચારશેં રૂપિયા અપાય છે. અનુકૂળતાએ વિશેષ આપવા સભાની શુભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકાંક્ષા છે. ગામ કેકડી-મારવાડ **જૈન** વિદ્યાલય અને **જૈન** પાઠશાળાને બે વર્ષ થયાં રૂા ૬૦) ની રકમ મદદ તરીકે અપાય છે. હજી પણ વિશેષ ભંડોળ કરી વિશેષ ઉત્તેજન આપવા પ્રયત્ન શરૂ છે.

**૫ શ્રી ઉજમબાઈ જૈન કન્યાશાળાઃ**—નો વહીવટ આ સભાને તેની કમીટી તરફથી સુપ્રત થયેલ હોવાથી તેનો વહીવટ ધાર્મિક શિક્ષણને સહાય તેમજ મદદ આપવા સાથે કરે છે.

**૬ શ્રી આત્માનંદ પ્રકાશ:**—માસિક તેત્રીશ વર્ષથી પ્રકટ કરવામાં આવે છે. ઉત્તમ લેખો, પુસ્તકોની સમાલોચના, વર્તમાન સમાચારો વગેરે આપવામાં આવે છે. અને કોઇપણ માસિક દરેક વખતે જે અત્યાર સુધી નથી આપી શકતું તેવા સારા સારા અનેકવિધ સાહિત્યના ઉત્તમ ગ્રંથો વધારે ખર્ચ કરી માસિકની આવક કે કમાણીની દરકાર નહિ રાખી ગ્રાહકોને ભેટ દરવર્ષે અપાય છે, જેની નોંધ તે તે વર્ષે આત્માનંદ પ્રકાશમાં આપવામાં આવે છે. અને માસિક મુદ્દલથી ઓછા લવાજમે ગ્રાહકને અપાય છે, જેથી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોની સંખ્યા પણ દિવસાનુદિવસ વૃદ્ધિ થતી જાય છે.

**૭ સ્મારકફંડો:**—આ સભા હસ્તક શ્રીયુત મૂળચંદ નથુભાઇ કેળવણી ઉત્તેજન સ્મારક ફંડ, તેમજ બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી સ્કોલરશીપ ફંડ, તથા કેળવણી મદદ ફંડ અને શ્રીયુત ખોડીદાસ ધરમચંદ નિરાશ્રિત મદદ ફંડ ચાલે છે, જેમાં તેના ઉદ્દેશ પ્રમાણે તે તે ખાતામાં સહાયો અપાય છે.

**૮ જયંતીઓ**:—પ્રાતઃસ્મરણીય ગુરૂરાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની જેઠ શુદ ૮ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર. તથા પૂજ્યપાદ ગુરૂવર્ય શ્રી મૂળચંદજી મહારાજની માગશર વદિ ૬, શાંતિમૂર્તિ શ્રી વિજયકમળસૂરિજીની આસો શુદ ૧૦ ના રોજ આ શહેરમાં દેવગુરૂભક્તિ-પૂજા-સ્વામીવાત્સલ્ય વગેરેથી દરવર્ષે સભા તરફથી ઉજવાય છે.

**૯ સભાની વર્ષગાંઠ**—દર વર્ષે જેઠ શુદ ૭ ના રોજ સભાના મકાનમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવા વિગેરેથી સભાના મકાનમાં દેવગુરૂભક્તિ કરવા સાથે સ્વામીવાત્સલ્ય કરવા સાથે ઉજવવામાં આવે છે.

**૧૦ જ્ઞાનભક્તિઃ**—દરવર્ષે જ્ઞાનપંચમીને દિવસે જ્ઞાન પધરાવી ભક્તિ કરવામાં આવે છે.

**૧૧ આનંદ-મેલાપ:**—દર બેસતે વર્ષે જ્ઞાનપૂજન કર્યા પછી દુધપાર્ટી તે ખાતે આવેલ રકમના વ્યાજમાંથી સભાસદોને આપવામાં આવે છે,

**૧૨ જૈનબંધુઓને મદદઃ**—મદદ આપવા યોગ્ય જૈન બંધુઓને સભાને અમુક બંધુઓ તરફથી આવેલી રકમથી તેમની ઇચ્છા પ્રમાણે આર્થિક સહાય અપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સભાનું વહીવટીખાતું.

( સં. ૧૯૯૧ ના આશો વદી ૩૦ સુધી )

## ૧ શ્રી સભા નિભાવ ફંડ.

| | જ | | ઉ |
|---|---|---|---|
| ૧૫૫૧) | બાકી દેવા | ૯૧૯॥ | ખર્ચમાં તૂટતો હવાલો રૂા. ૮૦૭॥ ના લાઈફ મેમ્બરના ભેટના પુસ્તકો ત્રણ વર્ષના ભેગા ઉધર્યા તેથી મોટી રકમ આ ખાતામાંથી લેવી પડી. |
| ૬૯॥ | વ્યાજ | ૧૦૦૧) | બાકી દેવા |
| ૩૦૦) | લાઈફ મેમ્બરો સ્વર્ગવાસ પામતાં આવેલ લવાજમનો હવાલો | | |
| **૧૯૨૦॥** | | **૧૯૨૦॥** | |

## ૨ સભાસદોની ફી ખાતું.

| | જ | | ઉ |
|---|---|---|---|
| ૨૩૪॥ | બાકી દેવા | ૩૭૩॥ | મેમ્બરોને માસિક ભેટ મોકલ્યા તેના ખર્ચનો હવાલો |
| ૭૦॥ | વાર્ષિક મેમ્બરોની ફીના | ૧૦૨॥≈ | ખર્ચખાતાનો હવાલો |
| ૧૦૩૩॥ | લાઈફ મેમ્બરોની ફીના વ્યાજના | ૮૦૭॥ | લાઈફ મેમ્બરોને પુસ્તકો ભેટ આપ્યા |
| ૭૪॥≈ | ભેટના પુસ્તકોની વધારાની કીંમતના | ૪૫) | મેમ્બરોના લવાજમ ન પતવાથી માંડી વાળ્યા. |
| | | ૮૫) | બાકી દેવા |
| **૧૪૧૩॥≈** | | **૧૪૧૩॥≈** | |

For Private And Personal Use Only

## ૩ પહેલા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૦૯૦૧) | બાકી દેવા | ૧૧૦૦૨) | બાકી દેવા |
| ૧૦૧) | નવા મેમ્બરની ફીના | | |
| ૧૧૦૦૨) | | | |

## ૪ બીજા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૧૩૫૧) | બાકી દેવા | ૨૦૦) | મેમ્બરો સ્વર્ગવાસ પામતાં સભા નિભાવ ફંડ ખાતે હવાલો |
| ૫૦૦) | નવા મેમ્બરોની ફીના | ૧૧૬૫૧) | બાકી દેવા |
| ૧૧૮૫૧) | | ૧૧૮૫૧) | |

## ૫ ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૩૦૦) | બાકી દેવા | | |

## ૬ શ્રી આત્માનંદ ભવન મકાન ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૭૫૧) | ભાડાના | ૨૦૬૧૦ાા≈ા | બાકી લેણા. |
| ૨૧૨૪૫ા≈ | બાકી લેણા | ૬૨ાા | વામો |
| રૂા. ૨૧૯૯૬ા≈ | | ૬૧૧ા≋ાા | મકાનના ઉત્તરબાજુ ભોંયતળીયે એકઢાળીયું હતું તે કાઢી, પહેલે માળે એક રૂમ કરી, બીજા માળની અગાશી સાથે જોડી દઇને આ રૂમના માથે અગાસી કરી તેના ખર્ચના. |
| | | ૭૧૧ાા | વ્યાજના |
| | | ૨૧૯૯૬ા≈ | |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

## ૭ શ્રી આત્માનંદ ભવનની ઉત્તરબાજુનું નવા મકાનનું ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૧૫) | ભાડાના | ૩૩૭૦॥। | બાકી લેણા |
| ૩૬૬૮॥~॥ | બાકી લેણા | ૧૫૧॥ | વ્યાજના |
| | | ૧૫) | વીમો |
| | | ૨૪૬॥~॥ | મકાનમાં ભોંયતળીએ લાદી જડાવી તથા નીચેના ઓરડામાં જાળીયા વગેરે નવા મૂકાવ્યા તેના ખર્ચના. |
| ૩૭૮૩॥~॥ | | ૩૭૮૩॥~॥ | |

## ૮ શ્રી સાધારણ ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૨૫૧॥= | બાકી દેવા | ૧૧॥ | પરચુરણ ખર્ચના |
| ૭૭॥~ | પુસ્તક વેચાણમાંથી રૂ હાંસલ | ૧૨૫)= | ખર્ચખાતાનો હવાલો |
| | | ૧૯૩)~ | બાકી દેવા |
| ૩૨૯॥≈ | | ૩૨૯॥≈ | |

## ૯ શ્રી સિદ્ધાચળજી ઉપર શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જયંતિ (સાધારણ) ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૩૦૪॥ | બાકી દેવા | ૬॥ | ગોઠીને સંભાળ રાખવાના સં. ૧૯૯૦ ની સાલના પગારના |
| ૫૮॥ | વ્યાજના | ૧૩૫૬॥ | બાકી દેવા |
| ૧૩૬૩। | | ૧૩૬૩। | |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૦ શ્રી મૂળચંદભાઇ સ્મારક ફંડ ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૪૪૭) | બાકી દેવા રૂ. ૧૦૦૦) ના બોન્ડ ટ્રસ્ટીઓના નામે છે તે ઉપરાંત | ૮૩। | સ્કોલરશીપના |
| ૭૦। | વ્યાજના | ૪૩૮) | બાકી દેવા |
| ૫૧૭। | | ૫૧૭। | |

## ૧૧ શ્રી ખોડીદાસભાઇ સ્મારક ફંડ.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૬૦॥= | બાકી દેવા રૂ. ૧૦૦૦) ના બોન્ડ ટ્રસ્ટીઓના નામે છે તે ઉપરાંત | | |
| ૫૮॥= | વ્યાજના | | |
| ૨૧૯। | | | |

## ૧૨ શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૩૨ નું ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૫૪૬।⌐॥ | લવાજમ | ૮૩૦)≡॥। | છપાઇ, કાગળ, બાઇડીંગ |
| ૩૭૩॥ | મેમ્બર ફી ખાતેથી | ૧૪૫॥૦॥ | પોસ્ટ ખર્ચ |
| ૪૪૭ ॥ | ખોટના જ્ઞાન ખાતેથી | ૧૬૬॥ | ભેટની બુકના |
| | | ૪૫॥≡। | પરચુરણ બ્લોક, ૫ટ્ટી વગેરે |
| | | ૮૯।= | લેખકોને લખાઇના |
| | | ૪૭॥= | વી. પી. પાછા આવ્યા તેના પોસ્ટ ખર્ચના |
| ૧૩૬૭।= | | ૧૩૬૭।= | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૩ શ્રી જ્ઞાન ખાતું.

**જ**

| | |
|---|---|
| ૮॥ | ગેસના વર્ષના જ્ઞાનપૂજનના |
| ૪॥~ | જ્ઞાનપંચમીના જ્ઞાનપૂજનના |
| ૨૫) | વખાર ભાડાના |
| ૨૪૫॥ | પુસ્તકો વેચાણમાંથી હાંસલ ૩/૪ |
| ૧૩૨)=। | પરચુરણ કસર વગેરે |
| ૧૦૧॥ | વડોદરાવાળા શા. તારાચંદ નેમચંદની વિધવા બાઇ વીજળીના ટ્રસ્ટીઓ તરફથી ટ્રસ્ટીડની રૂએ આવ્યા |
| ૨૭૨॥=॥ | વ્યાજનો વધારો |
| ૭૯૦।= | |
| ૪૦૯૬)=। | બાકી લેણા |
| ૪૮૮૬॥૦। | |

**ઉ**

| | |
|---|---|
| ૩૪૭૭॥≡॥ | બાકી લેણા જ્ઞાનખાતાનો સ્ટોર કબાટો વગેરેના |
| ૧૧૨॥ | વીમાનો ખર્ચ |
| ૫૧) | વખાર ભાડું |
| ૧૮૪॥≡॥ | માસિકો, વર્તમાન પેપરો વગેરે લાઇબ્રેરી માટે મંગાવ્યા તેના |
| ૧૬૪॥૦॥ | લાઇબ્રેરીના પુસ્તકો ખરીદ કર્યાં |
| ૪૪૭॥૦॥ | આત્માનંદ પ્રકાશ પુ. ૩૨ ની ખોટ ભેટની બુક સહિત. |
| ૧૨૫) | ઉજમબાઇ કન્યાશાળાને મદદ |
| ૨૫૫॥= | પુસ્તકો, સાધુ, સાધ્વી જ્ઞાનભંડાર વગેરેને ભેટ આપ્યા |
| ૪૭॥ | જાહેર ખબર ખર્ચના |
| ૨૦)= | પેકીંગ તથા પરચુરણ ખર્ચ |
| ૪૮૮૬॥૦। | |

## સં. ૧૯૯૧ ના આસો વદી ૦)) સુધીનું સરવૈયું.

**જ**

| | |
|---|---|
| ૧૨૮૮૯॥~॥ | શ્રી જ્ઞાનખાતે પુસ્તકો બાબત |
| ૧૬૦૮૪॥= | શ્રી સીરીઝ ખાતાના અનામત |
| ૨૦૦૧)૦। | શ્રી પરચુરણ ખાતાઓ |
| ૩૦૦૯૬)~ | શ્રી સાધારણ, લાઇફ મેમ્બર ફી, મકાન ફંડ વગેરે |
| ૫૭૨૫)≡॥ | શ્રી જયંતિ ફંડ ખાતે |
| ૩૩૯૫) | શ્રી કેળવણી વગેરે સહાયક ફંડ |
| ૬૩૮૬)~॥ | શરાફી ખાતા |
| ૧૯૬) | લાઇબ્રેરીના ડીપોઝીટ |
| ૩૯)=॥ | શ્રી ઉબળેક દેવું |
| ૭૬૮૧૩॥૦॥ | |

**ઉ**

| | |
|---|---|
| ૧૬૨૫૮॥≡॥ | શ્રી પુસ્તક તથા છાપવાના કાગળ વગેરે જ્ઞાનખાતે |
| ૮૭૫૯॥= | સીરીઝના પુસ્તકો પુરાંત છે તેના |
| ૩૧૭।~ | શ્રી આત્માનંદ પ્ર. પુ. ૩૩ મા ખાતે |
| ૨૩૪૯॥= | છાપખાના તથા બુકસેલરો પાસે લેણા |
| ૨૫૬૭૪॥ | શ્રી આત્માનંદ ભવન તથા નવા મકાન ખાતે |
| ૨૧૫૭૨॥૦। | શ્રી શરાફીખાતે |
| ૧૭।૦॥ | શ્રી પરચુરણખાતે |
| ૧૪૬૩॥ | મેમ્બરોના ખાતે |
| ૩૦૧॥~॥ | શ્રી ઉબળેક ખાતાઓ |
| ૯૮॥~॥ | શ્રી પુરાંત જણશે |
| ૭૬૮૧૩॥૦॥ | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ડેડસ્ટોક અને સ્ટોર.

( સંવત ૧૯૯૧ ના આશો વદી ૩૦ સુધીનો )

## શ્રી જ્ઞાનખાતા સામાન.

| | |
|---|---|
| ૧૨૦૯) | લાઇબ્રેરીના પુસ્તકોના તથા પરચુરણ સામાન ભરવાના કબાટો નંગ ૧૭ |
| ૪૭૭) | વેચાણના પુસ્તકો માટેના મોટા કબાટો નંગ ૪ |
| ૧૭૧।≈ | પુસ્તકો ભરવાની પેટીઓ નંગ ૫, છોડ રાખવાની પેટી ૧, પેપરો રાખવાનું ખાનું, કબાટના દાળીયા-લાકડાનું નકશીદાર ત્રીગડું વિગેરે. |
| ૧૩૫) | શ્રી ગુરૂમંદિર માટે આરસના સિંહાસન નં. ૨ |
| ૧૬) | કબાટોના તાળા નં. ૪૫ |
| ૯૭૦। | ભરેલા છોડ ( ૩ ) તથા રૂપાની ઠવણી પાટું. |
| **૨૯૭૮॥≈** | |

## શ્રી સાધારણખાતાનો સામાન.

| | |
|---|---|
| ૧૦૦૪) | મુનિરાજના ફોટાઓ ઓઇલપેઇન્ટ તથા બીજા નાના મોટા વિગેરે. |
| ૧૦૭॥ | મૂળચંદ નથુભાઇનો ઓઇલ પેઇન્ટ ફોટો |
| ૭૫॥। | પરચુરણ ફોટાઓ |
| ૭૮૦) | બાંકડાઓ, ખુરશીઓ, ટેબલો નાના-મોટા, ઘડીઆળ, ગાદી-તકીયા, ફાનસ, જાજમો, ગાલીઓ, કોપીંગપ્રેસ, પાટ, નામના બોર્ડો, મેજ વિગેરે |
| ૧૪૭) | તીજોરી, ટેબલકલોથ, ધ્વજા-પતાકા, કપ રકાબી વગેરે. |
| **૨૧૧૪।** | |

કુલ રૂ. ૫૦૯૨॥≈

ઉપર પ્રમાણે સંક્ષિપ્તમાં કિંમત સાથે જણાવેલ છે, પરંતુ વિસ્તારથી તમામ વિગત સાથે સંવત ૧૯૯૧ ની ખાતાવહીના ચોપડાના પુંઠે લખાયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી બૃહતકલ્પસૂત્ર બીજો ભાગ.

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત )

અતિમાન્ય આ છેદસૂત્રનો બીજો ભાગ પ્રાચીન ભંડારોની અનેક-લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ સાક્ષરવર્યો મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

પ્રથમ ભાગ કરતાં બાર ફોર્મનો વધારો થતાં ઘણોજ મોટો ગ્રંથ થયેલ છે અને તે સુંદર બ્લુ ઉંચા ટકાઉ કાગળ ઉપર, સુંદર શાસ્ત્રી અક્ષરોમાં શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી છપાવેલ છે. સુશોભિત મજબુત બાઈંડીંગ થયું છે. આવું પ્રાચીન સાહિત્ય સુંદર રીતે પદ્ધતિસરનું પ્રકાશન ફક્ત આ સભા જ કરે છે. જૈન જૈનેતર વિદ્વાનો અને હિંદની કોલેજના પ્રોફેસરો, પાશ્ચિમાત્ય અનેક વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે.

---

## અર્ધી કિંમતે.

શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિના શુભ પ્રસંગે સં. ૧૯૯૨ ના ચૈત્ર શુદી ૧ થી બાર માસ માટે શ્રી આત્મારામજી મહારાજકૃત નીચેના પુસ્તકો અર્ધી કિંમતે આપવામાં આવશે ( સીલીકમાં હશે ત્યાં સુધી ).

| | મૂળ કિંમત. | અર્ધી કિંમત. |
|---|---|---|
| તત્વનિર્ણયપ્રાસાદ. | ૧૦-૦-૦ | ૫-૦-૦ |
| જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર. | ૦-૮-૦ | ૦-૪-૦ |
| આત્મવલ્લભ સ્તવનાવળી. | ૦-૬-૦ | ૦-૩-૦ |

લખો:—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

### શ્રી પૂર્વાચાર્યના મૂળ ગ્રંથનું શુદ્ધ અને સરલ ભાષાંતર

( છપાય છે )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી તરતજ ગ્રહણ કરી શકે બલ્કે કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, સરલ સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે, **મદદની જરૂર છે. આર્થિક સહાય આપનારની ઇચ્છા મુજબ અલ્પ કિંમતથી કે વિના મૂલ્યે સભાના ધારા પ્રમાણે ભેટ પણ આપી શકાશે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના ગ્રાહકોને નમ્ર સૂચના.

## આવતા માસમાં ભેટની બુકની હકીકત જણાવવામાં આવશે.

આ માસિકનું તેત્રીશમું વર્ષ આવતા અશાડ માસના અંક સાથે પુરૂં થાય છે.

ગ્રાહકોને વારંવાર વી. પી. પોસ્ટના ખર્ચના બોજામાં ન ઉતરવું પડે માટે અમો એક વર્ષનું લવાજમ ગ્રાહકો પાસે લેણું રહેવાં દઇ, બે વર્ષના લવાજમનું એક સાથે વી. પી. કરીએ છીએ.

સં. ૧૯૯૧ ના શ્રાવણથી સં. ૧૯૯૨ ના અશાડ સુધીના એક વર્ષના લવાજમના રૂા. ૧–૪–૦ લેણા રહે છે, તે તથા સં. ૧૯૯૨ ના શ્રાવણથી સં. ૧૯૯૩ ના અષાડ માસ સુધીના લવાજમના રૂા. ૧–૪–૦ મળી કુલ વર્ષ બે ( આત્માનંદ પ્રકાશ પુસ્તક ૩૩, ૩૪ ) ના લવાજમના રૂા. ૨–૮–૦ અને ભેટની બુકના પોસ્ટેજના રૂા. ૦–૩–૦ મળી કુલ રૂા. ૨–૧૧–૦ આપશ્રી, મનીઓર્ડરથી મોકલવી આપવા કૃપા કરશો.

આપને ગ્રાહક રહેવા ઇચ્છા ન હોય તો, ચડેલા લવાજમના રૂા. ૧–૪–૦ મનીઓર્ડરથી મોકલીને આપની ઇચ્છા જણાવશો પરંતુ વી. પી. પાછું વાળી આ જ્ઞાનખાતાને નુકશાનીમાં ન ઉતારશો.

આપના તરફથી કંઇપણ જવાબ નહીં આવે તો આપને ગ્રાહક તરીકે ચાલુ રહેવા સંપૂર્ણ ઇચ્છા છે, તેમ માની દરવર્ષ મુજબ વી. પી. કરવામાં આવશે, જે આપ સ્વીકારી લેશો.

મનીઓર્ડરથી નાણા મોકલવાથી વી. પી. પોસ્ટેજ ખર્ચનો આપશ્રીને બચાવ થાય છે. તે વસ્તુ ઉપર આપશ્રીનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

**કાયમી ગ્રાહકોને વિનંતિ કે દરવર્ષે લવાજમ ભરવું ન પડે અને એકજ વખત રૂપીયા પચીશ આપવાથી જીંદગી સુધી આત્માનંદ પ્રકાશ ( તેની ભેટની બુક સાથે ) ભેટ મળી શકશે. કેટલાક ગ્રાહકો થયા છે જેથી તેમ થવા અન્યને વિનંતિ છે.**

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only